। श्रीकृष्णाय नमः ।

શ્રીમદ્વલ્લભાચાર્યચરણપ્રણીત

વિવેકધૈર્યાશ્રય

ગો.શ્રીગોપીશચરણજી કૃત વિવૃતિ સહિત તથા તેનાં ગુજરાતીમાં ભાવાનુવાદ સહિત

ભાવાનુવાદ કર્તા :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીરાજકુમારજી મહારાજશ્રી (મુંબઇ-કાંદિવલી)
તથા આપશ્રીની ઉદાર કૃપા-સૌજન્યથી

: પ્રકાશક :
શ્રીવલ્લભ વિઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.

श्रीकृष्णाय नमः ।
श्रीगोपीजनवल्लभाय नमः ।
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।

श्रीमद्भगवद्वदनानलावतारश्रीवल्लभाचार्यचरणविरचितः

विवेकधैर्याश्रयः ।

श्रीगो. श्रीगोपीशचरणविरचिता विवृतिः ।

श्रीमदाचार्यचरणनखचन्द्ररुचे नमः ।
हृदि प्रविश्य यद्ध्वान्तं निर्धूतं मे यया स्वतः ॥ १ ॥
यत्कृपातो विवेकादिधर्माः स्वीये भवन्ति हि ।
तत्पादतलसम्बन्धिरेणुः शरणमस्ति मे ॥ २ ॥

अथ भक्तिमार्गाङ्गीकारेण भगवतो दासत्वं प्राप्तस्य सेवायां प्रवृत्तस्य सेवानिर्वाहेण भक्तिदार्ढ्यार्थं नवरत्नोक्तचिन्तात्यागकथने **विवेकधैर्याश्रया** यद्यपि सङ्क्षेपत उक्तास्तथापि विवेकादीनां विशेषविज्ञानाभावे सेवायां तादृशी दृढता न भविष्यतीति स्वीयानां विशेषेण तद्दार्ढ्यार्थं श्रीमदाचार्यचरणा विवेकधैर्याश्रयान् विस्तरतो निरूपयन्ति **विवेकेति** ।

શ્રીમદાચાર્ય ચરણકમલોના નખચંદ્રની કાંતિને નમસ્કાર; જેણે મારા હૃદયમાં પ્રવેશ કરી સ્વતઃ *(અર્થાત્ પ્રાર્થના વગર)* સમસ્ત અંધકારને નષ્ટ કર્યો ॥ ૧ ॥

જે આચાર્યચરણોની કૃપાથી સ્વીયજનો *(નિજજનો)*માં નિશ્ચિતરૂપથી વિવેક-આદિ ધર્મ ઉત્પન્ન થાય છે, એમના ચરણતલથી સંબંધિત રેણુ મારી શરણ છે ॥ ૨ ॥

હવે ભક્તિમાર્ગમાં પ્રભુ દ્વારા અંગીકાર થઈ ગયા પછી જ્યારે જીવને ભગવાનનું દાસત્વ પ્રાપ્ત થાય છે અને જ્યારે એ ભગવત્ સેવામાં પ્રવૃત્ત થાય છે ત્યારે ભગવત્ સેવાનો સારી રીતે નિર્વાહ કરવા માટે ભક્તિની દૃઢતા આવશ્યક હોય છે. જો કે નવરત્ન ગ્રંથમાં આચાર્યચરણોએ ચિંતાનો ત્યાગ બતાવ્યો છે અને વિવેક-ધૈર્ય-આશ્રય પણ સંક્ષિપ્તરૂપથી કહી દીધેલ છે તો પણ આ વિવેક-આદિનું વિશેષ જ્ઞાન ન હોવાને કારણે ભક્તિમાં તેવી દૃઢતા થઈ શકતી નથી. તેથી ભક્તિની વિશેષ દૃઢતા પ્રાપ્ત કરાવવા માટે અહીં શ્રીમદાચાર્યચરણ વિવેક-ધૈર્ય-આશ્રય ને વિસ્તારથી નિરૂપણ કરી રહ્યા છે અને **વિવેક** વગેરે શબ્દોથી પ્રથમ શ્લોકનો આરંભ કરી રહ્યા છે.

विवेकधैर्ये सततं रक्षणीये तथाश्रयः ।
विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति ॥ १ ॥

सेवायां प्रवृत्तस्य प्रथमं विवेकः सर्वथापेक्षितः । ततो धैर्यम् । एतद्द्वयसिद्ध्यर्थमाश्रयश्चेति क्रमः । एवं सति सर्वात्मनाश्रय एव कृते सर्वं सेत्स्यतीत्यन्ते तन्निरूपणम् । तत्र प्रथमं विवेकलक्षणं निरूपयन्ति **विवेकस्त्वि**ति। **हरिः** सर्वदुःखहर्त्ता । **सर्वं** लौकिकं स्वप्रयत्नसाध्यं योगक्षेमादि । अलौकिकं भगवत्सेवौपयिकं च स एव **करिष्यति**, न तु सेवां विहाय स्वप्रयत्नादिकं कर्तव्यमिति **प्रथमो विवेकः** । यतः सर्वेषामपि दुःखहर्ता स एव । मम त्वङ्गीकृतस्यापेक्षितं करिष्यत्येवेति विश्वासेन सेवैव कार्या, न तु प्रयत्नादिकम्। तत्करणे बाहिर्मुख्यं सेवाप्रतिबन्धादिकं भवतीति एतदेव **'चिन्ता कापी'**तिश्लोके निरूपितं नवरत्ने । ननु प्रार्थनाभावे कथं करिष्यति तत्राहु**र्निजेच्छात** इति । स अलौकिकः प्रभुः स्वकीयानामपेक्षितं जानाति । सेवामपि जानातीति स्वेच्छयैव करिष्यति न प्रार्थनामपेक्षत इति प्रार्थना न कार्येति**द्वितीयो विवेकः**। एतदेव **'सर्वेश्वरश्च सर्वात्मे'**त्यत्रोक्तं नवरत्ने ॥ १ ॥

ભગવત્ સેવામાં સર્વપ્રથમ 'વિવેક' સર્વથા આવશ્યક છે. વિવેક પછી જીવમાં 'ધૈર્ય' આવશ્યક હોય છે. આ બંનેને સિદ્ધ કરવા માટે 'આશ્રય' આવશ્યક

હોય છે - આ ક્રમ છે. આ પરિસ્થિતિમાં બધા જ પ્રકારે ‘ભગવદ્-આશ્રય’ કરવાથી જ સમસ્ત કાર્યો સિધ્ધ થઈ જશે - આ વાત બતાવવા માટે આચાર્યચરણોએ વિવેક અને ધૈર્ય પછી આશ્રયનું નિરૂપણ કર્યું છે. હવે આપશ્રી વિવેકનું પહેલું લક્ષણ **વિવેકસ્તુ** વગેરે શબ્દોથી કરી રહ્યા છે. આ પંક્તિમાં આપશ્રીએ આ બતાવ્યું છે કે જીવના સમસ્ત દુઃખોનું હરણ કરનાર હરિ જ છે. **સર્વ** શબ્દનો અર્થ આ છે કે જીવ દ્વારા સાધ્ય લૌકિક યોગ અને ક્ષેમ અને ભગવાનની સેવામાં ઉપયોગી અલૌકિક સાધન વગેરે બધાં જ પદાર્થો ભગવાન જ આપશે. તેથી ભગવત્ સેવાને છોડીને આ બધાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન આપણે ન કરવો જોઈએ આ **પ્રથમ ‘વિવેક’** છે.

કારણ કે બધાના દુઃખને હરનાર ભગવાન જ છે. ‘હું તો ભગવાન દ્વારા અંગીકૃત થયો છું તેથી મારા બધાં આવશ્યક કાર્ય ભગવાન પૂર્ણ કરશે જ’ આવા પ્રકારનો વિશ્વાસ મનમાં દૃઢ કરી આપણે ભગવત્ સેવા જ કરવી જોઈએ, લૌકિક વૈદિક કાર્યો માટે પોતે પ્રયત્ન ન કરવો જોઈએ. જો આપણે પોતે પ્રયત્ન કરીશું તો બહિર્મુખતા અને ભગવત્ સેવામાં પ્રતિબંધ થશે. આ જ વસ્તુ આચાર્યચરણોએ નવરત્ન ગ્રંથમાં **‘કોઈ પણ ચિંતા નહિ કરવી જોઈએ’** (૧) આ શ્લોકમાં નિરૂપિત કરી છે. હવે જો કોઈને એમ શંકા હોય કે ભગવાનને જ્યાં સુધી પ્રાર્થના ન કરીએ ત્યાં સુધી એ આપણા કાર્ય ને કેવી રીતે પૂર્ણ કરશે ? તો આ શંકાનું સમાધાન આચાર્યચરણોએ **નિજેચ્છાતઃ** વગેરે શબ્દોથી કર્યું છે. પ્રભુ તો અલૌકિક છે અને સ્વીયજનોને જે કાંઈ જોઈતું હોય છે તે એ જાણે છે. જીવ દ્વારા કરેલ સેવાને પણ એ જાણે છે. તેથી ભગવાન જે કરશે એ તેમની ઈચ્છાથી જ કરશે અને પ્રાર્થનાની અપેક્ષા રાખ્યા વગર કરશે તેથી પ્રાર્થના નહિ કરવી જોઈએ -આ **બીજો વિવેક** છે. આ જ વાત આચાર્યચરણોએ **‘ભગવાન સર્વેશ્વર છે અને સર્વાત્મા છે’ (૨)** આ નવરત્નમાં શ્લોક દ્વારા કહી છે. ।। ૧।।

ननु प्रार्थना कुतो न कार्या, तत्राहुः ‘**प्रार्थितेवे**’ति ।

प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात् ।
सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव च ।। २ ।।

कृतेपि प्रार्थने किं स्यान्न किमपीत्यर्थः । तत्र हेतुः । **स्वाम्यभिप्रायसंशयात् ।** भगवान् स्वेच्छयैव दास्यति, नान्यथेति, किमर्थं स्वधर्महानिः कर्तव्येति **तृतीयो विवेकः** । किञ्च, स्वस्य प्रयत्नकरणेपि भगवांश्चेन्न दास्यति तदा प्रतिबन्धादिना तन्न सेत्स्यति । अथवा **सर्वत्र** स्वापेक्षितवस्तुनोऽभावात्तत्प्राप्तिर्न स्वशक्या[1] । अथवा, तद्वर्ततेपि तथापि तत्प्राप्तिसाधने सामर्थ्यं नास्ति । भगवतस्तु सर्वत्र तत्तद्वस्तु सिद्धमेवास्ति, अभावे वा तदैव तत्सम्पादने **सामर्थ्यमपि**[2] वर्तत इति । असाध्यमपि भगवान् साधयतीति तत्सेवां विहाय स्वप्रयत्नादिकं वृथेति **चतुर्थो विवेकः** ।

હવે ભગવાનને પ્રાર્થના કેમ ન કરવી જોઈએ ? જો આવો પ્રશ્ન થતો હોય તો આચાર્યચરણો તેનું સમાધાન **પ્રાર્થિતે વા** વગેરે શબ્દોથી આપી રહ્યાં છે.

આ શ્લોકથી આચાર્યચરણોનું તાત્પર્ય આ છે કે ભગવાનને પ્રાર્થના કરવાથી પણ આખરે થશે શું ? કંઈ જ નહિ. કેમ નહિ થાય ? તો એનો ઉત્તર આપશ્રી **સ્વામ્યભિપ્રાય સંશયાત્** વગેરે શબ્દોથી આપી રહ્યાં છે. કારણ કે ભગવાન આપણને જે કાંઈ પણ આપશે તે એમની ઈચ્છાથી જ આપશે, નહિ તો નહિ. તેથી પ્રાર્થના કરીને શા માટે આપણે આપણો દાસધર્મ બગાડવો જોઈએ ? - આ **ત્રીજો વિવેક છે.** અને જો જીવ કોઈ વસ્તુને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે અને ભગવાન તેને તે વસ્તુ આપવાની ઈચ્છા નથી રાખતા તો પ્રતિબંધો દ્વારા તે કાર્ય જ સિધ્ધ નહિ થાય. અથવા એમ સમજી લેવું જોઈએ કે જીવને જે વસ્તુ પ્રાપ્ત કરવી હોય છે તે એને માટે સંભવ હોતી નથી. અથવા જો એ સંભવ પણ હોય તો પણ તે વસ્તુ જે સાધનો દ્વારા પ્રાપ્ત થાય છે તે સાધનોને પ્રાપ્ત કરવાનું તેનું સામર્થ્ય નથી હોતું, પરંતુ ભગવાન માટે તો બધી જ વસ્તુઓ સર્વત્ર સિધ્ધ જ છે અને જો ન પણ હોય તો પણ એને સિધ્ધ કરવાનું સામર્થ્ય પણ એમનામાં છે. ભગવાન તો અસાધ્યને પણ સાધી લે છે. તેથી એમની સેવાને છોડીને આ બધી લૌકિક વસ્તુઓ માટે આપણો પ્રયત્ન કરવો વ્યર્થ જ છે. - આ **ચોથો વિવેક છે.**

तमेव निरूपयन्ति **सर्वत्रे**ति । **तस्य** भगवतः **सर्वत्रैव सर्वं** वस्तु

---

[1] ‘स्वशक्त्या’झे

[2] अस्तीति पाठः

सिद्धमेवास्ति, अभावेपि सर्वं सम्पादयितुं **सामर्थ्यं** वर्तत इति । **सर्वत्र** यत्र यत्र यद्यद्वस्तु वर्तते तत्सर्वं भगवत एव, स्वाज्ञानेन लोकाः स्वत्वं मन्यन्त इति । यस्य यदपेक्षितं तदपि साक्षात्परम्पराभेदेन भगवानेव ददाति । स्वाज्ञानेन मया प्रयत्नेन कृतमिति मन्यन्त इति मम पूर्वसिद्धमपि भगवतैव दत्तं, साम्प्रतं तदङ्गीकृतस्य तु दास्यत्येवेति निश्चयेन सेवैव कर्तव्या न प्रार्थनेतिभावः सूचितः ॥ २ ॥

આ જ વાતને શ્રીમદાચાર્યચરણો **સર્વત્ર** વગેરે શબ્દોથી નિરૂપિત કરી રહ્યા છે. આવા સામર્થ્યવાન્ ભગવાન્ માટે દરેક સ્થળે દરેક વસ્તુઓ સિદ્ધ જ છે. જો ન પણ હોય તો પણ તેમને તે જ ક્ષણે સંપાદિત કરવાનું સામર્થ્ય પણ એમનામાં છે. આ સંસારમાં જ્યાં-જ્યાં જે-જે વસ્તુઓ છે તે બધી ભગવાનની જ છે, પોતાના અજ્ઞાનના કારણે લોકો એને પોતાની માની લે છે તેથી જેમને જે જોઈતું હોય છે તે બધું જ સાક્ષાત્રૂપથી અને પરંપરારૂપથી ભગવાન જ એને આપે છે. *(અહીં'સાક્ષાત્ પરંપરા ભેદ'ને સમજો. આનો અર્થ એ છે કે ક્યારેક ભગવાન સ્વયં સાક્ષાત્રૂપથી જીવને અપેક્ષિત વસ્તુ આપે છે, તો ક્યારેક પરંપરાથી. કહેવાનું તાત્પર્ય એ છે કે પોતાના ભક્તોને તો ભગવાન સાક્ષાત્ પોતાના સ્વરૂપ દ્વારા અપેક્ષિત વસ્તુનું દાન કરે છે, અને અભક્તને કાં તો વેપારની પરંપરાથી અથવા તો તેની યોગ્યતાના અનુસાર અથવા તો તેના કર્મના અનુસાર આપે છે, પરંતુ બધાને આપે તો ભગવાન જ છે, આ અર્થ છે).* પરંતુ પોતાના અજ્ઞાનને કારણે લોકો 'આ મેં મારા પ્રયત્નોથી કર્યું છે' એમ માની લે છે. તેથી આ બધું વિચારીને આપણે 'મને બ્રહ્મસંબંધ થતાં પહેલાં પણ જે મળ્યું તે ભગવાને જ આપ્યું હતું અને હમણાં તો હું એમના દ્વારા અંગીકાર થયો છું માટે મને તો એ આપશે જ' આવા નિશ્ચય સાથે ભગવત્ સેવા જ કરવી જોઈએ પ્રાર્થના નહિ, આ ભાવ સૂચિત કર્યો છે. ॥ ૨ ॥

ननु किञ्चित्कालं सेवां कुर्यादितरकाले चेदन्यत्कार्यं करोति, तदा को दोषस्तत्राहुर**भिमान**श्चेति ।

अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्वभावनात् ।

समर्पणानन्तरं स्वदेहादिषु स्वत्वे**नाभिमानस्त्याज्यः** । तत्र हेतुः ।

स्वाम्यधीनत्वभावनादिति । स्वतन्त्रत्वेनाभिमानात्तत्तद्विषयेषु देहेन्द्रियाणां विनियोगो भवतीति तत्त्यागेन तेषु सर्वेषु भगवति समर्पितत्वात्तदधीनत्वभावनं **कार्यम्;** एवं सति केवलं भगवदधीनत्वानुसन्धानेन तद्व्यतिरिक्तकार्यकरणे दोषस्फूर्त्या स्वस्वामिसम्बन्धिकार्यमात्र[१] एव स्वधर्मस्फूर्त्या च प्रभुसेवामेव[२] करिष्यति, न त्वन्यद्, दोषरूपत्वादिति **पञ्चमो विवेको** निरूपितः । एतदेव **'निवेदनं च स्मर्तव्यमि'** त्यस्य विवरणे **'सर्वदा सर्वांशेन तदीयत्वानुसन्धानेन तथा न भविष्यती'**त्युक्तं श्रीप्रभुचरणैः ।

હવે કદાચ કોઈ એમ કહે કે, થોડા સમય માટે તો સેવા કરે અને બાકીના સમયમાં કોઈ બીજું કામ કરે તો શું એમાં કોઈ દોષ છે ? તો એનો જવાબ શ્રીઆચાર્યચરણો **'અભિમાનશ્ચ'** વગેરે શબ્દોથી કહી રહ્યા છે. ભગવાનને સર્વસમર્પણ કરી દીધા પછી પોતાના શરીર, ઈન્દ્રિય, પતિ, પત્ની, ઘર, ધન વગેરેમાં 'આ મારું છે' તેવું અભિમાન છોડી દેવું જોઈએ. આનું કારણ **'સ્વામ્યધીનત્વ ભાવનાત્'** વગેરે શબ્દોથી આપશ્રીએ કહ્યું છે. આપશ્રી આજ્ઞા કરે છે કે તેમ ન કરવાથી સ્વતંત્રતાની વૃત્તિથી જીવમાં અભિમાન ઉત્પન્ન થઈ જાય છે અને તે સાંસારિક વિષયોમાં દેહ અને ઈન્દ્રિયોનો ઉપયોગ થઈ જાય છે. પરંતુ અભિમાન છોડી દઈને; કેમકે તે દેહ વગેરે ભગવાનને જ સમર્પિત કરેલાં છે, ભગવાનને આપણે આધીન છીએ તેવી ભાવના કરવી જોઈએ. આમ થવાથી બધાં જ વિષયોમાં કેવળ ભગવાનની અધીનતાનું જ અનુસંધાન રહેશે અને ભગવત્ સંબંધ સિવાયનું કોઈ પણ કામ કરવામાં આપણને આપણા પોતાનામાં દોષનો અનુભવ થશે. તેથી જીવને પોતાના સ્વામી ભગવાનના સંબંધી કાર્યમાં જ સ્વધર્મ છે તેમ લાગવા માંડશે અને તે પ્રભુ સેવા જ કરશે, અન્ય બીજું કાંઈ નહિ કરે. કેમકે અન્ય બીજું કાંઈ પણ કરવું તેના માટે દોષરૂપ છે - આ **પાંચમો વિવેક** બતાવવામાં આવ્યો. આજ વાત **'નિવેદનનું સ્મરણ કરવું જોઈએ'** (નવરત્ન - ૨) - આ શ્લોકના વિવરણમાં શ્રીપ્રભુચરણોએ **'સર્વદા સર્વ રીતે તદીયત્વનું અનુસંધાન કરવાથી બહિર્મુખતા અને સ્વચ્છંદતા નહિ થાય'** તેમ કહી છે.

---

[१] 'कार्यकरण एव' इतिपाठः ।

[२] 'प्रभुकार्यमेव करोति' इतिपाठः ।

किञ्च । यथा स्वदेहादिष्वभिमानस्त्याज्यस्तथा देहादिसम्बन्धिभार्यापुत्रादिष्वपि स त्याज्यः । तेपि स्वात्मना सह भगवतैवाङ्गीकृता इति तदधीना इति तेषामपि योगक्षेमं प्रभुरेव करिष्यतीति सर्वदानुसन्धानेन तदर्थमपि प्रयत्नादिकरणं न भविष्यतीत्यपि भावो ज्ञापितः । तत्राप्य**भिमानः सम्यक्** सवासनस्त्याज्यो यथा तद्वासनापि न तिष्ठति। एतदेव **'चिन्ता कापी'** तिश्लोके **'लौकिक्यलौकिकी च सा त्याज्ये'** त्युक्तम् ।

તેટલું જ નહિ પણ જેમ આપણે દેહ-વગેરેમાં અભિમાનનો ત્યાગ કરવો જોઈએ, તેમ દેહથી જોડાયેલાં પત્ની પુત્ર વગેરેમાં પણ અભિમાનનો ત્યાગ કરવો જોઈએ. તેઓ પણ આપણી જોડે જ ભગવાન દ્વારા અંગીકૃત થયા છે તેથી તેઓ પણ ભગવાનને આધીન જ છે અને તેમના પણ યોગક્ષેમનો નિર્વાહ પ્રભુ જ કરશે. આ પ્રકારે સર્વદા ભગવાનના અનુસંધાન દ્વારા એમને માટે પણ કોઈ પ્રયત્ન વગેરે કરવાનો અવકાશ નહિ રહે, એવો ભાવ સૂચિત કર્યો છે. અહીં અભિમાનનો ત્યાગ કરવામાં **'સમ્'** ઉપસર્ગ લગાવ્યો છે *(મૂળ શ્લોકમાં 'અભિમાનઃ સમ્+ત્યાજ્યઃ' એ પ્રકારે કહેલું છે.* ***'સમ્'****ઉપસર્ગનો અર્થ છે, સારી રીતે. તો આ પ્રકારે સંપૂર્ણ અર્થ એ થયો કે અભિમાનનો સારી રીતે ત્યાગ કરવો જોઈએ. હવે તે સારી રીતે ત્યાગવું એટલે શું ? એ ટીકાકાર આગળની પંક્તિમાં બતાવી રહ્યાં છે.)* આનો અર્થ એ છે કે અભિમાનનો સારી રીતે ત્યાગ કરવો જોઈએ, એવી રીતે કે શરીરમાં વાસના પણ ન રહે. આજ વાત નવરત્ન ગ્રંથના **ચિન્તા કાપિ ....'** શ્લોકના વિવરણમાં **'લૌકિક અલૌકિક કોઈ પણ પ્રકારની ચિંતા છોડી દેવી જોઈએ'** આ વાક્ય દ્વારા શ્રીપ્રભુચરણોએ કહી છે.

एवं श्रीमदाचार्याज्ञया विवेकादिना सेवाकरणे स्वापेक्षितवस्तुज्ञापिका भगवदाज्ञा, तं प्रत्याचार्याज्ञातो विशिष्टा चेज्ज्ञायते[1], तदा साज्ञा कर्तव्या, तदाहु**र्विशेषत** इति।

विशेषतश्चेदाज्ञा स्यादन्तःकरणगोचरः ॥ ३ ॥
तदा विशेषगत्यादि भाव्यं भिन्नं तु दैहिकात् ।

---

[1] - भवेदिति पाठः ।

चेद्विशेषतः सेवाविषयिण्याज्ञा **स्यात्**तदा भगवदपेक्षितार्थज्ञाने **तद्विशेषगत्या**दि कार्यं कर्तव्यम् । नो चेदाचार्याज्ञानुसारेणैव कृतिः कार्या सेवायामितिभावः। ननु साज्ञा कथं ज्ञायते ? तत्राहु**रन्तःकरणे**ति । भगवदीयस्यान्तःकरणे **गोचरः**, साज्ञा भवति, स्वप्नद्वारा तां ज्ञापयतीत्यर्थः। अथवा, एवं सेवाकरणे यतः स प्रभुरन्तकरणगोचरो भक्तानामन्तःकरणे मनस्यात्मनि वा, **अन्तःकरणं** ज्ञानादिकार्यकरणं येनेत्यन्तःकरणे आत्मा तत्र स्थितो भवतीति शेषः ॥ ३ ॥

આવી રીતે શ્રીમદાચાર્યની આજ્ઞાનુસાર વિવેક વગેરેનું ધ્યાન રાખતાં સેવા સમયે જો કદાચ એવું બને કે ભગવાનને જે વસ્તુની ઈચ્છા હોય, તે માટે આપણને આજ્ઞા કરે અને તે આજ્ઞા આચાર્યચરણોએ આપેલી આજ્ઞા કરતાં કંઈક વિશેષ હોય, તો એવી પરિસ્થિતિમાં આચાર્યચરણો કહી રહ્યાં છેકે, ભગવદ્ આજ્ઞાનું પાલન કરવું જોઈએ. આ વાતને તેઓ **'વિશેષતઃ'** વગેરે શબ્દોથી કહી રહ્યાં છે.

તેઓશ્રી કહી રહ્યાં છે કે કદાચ સેવાના વિષયમાં ભગવાનની કોઈ વિશેષ આજ્ઞા થાય, ત્યારે ભગવાનને અપેક્ષિત એવી કોઈ વસ્તુનું જ્ઞાન થતાં તે વિશેષ કાર્યને કરવું જોઈએ. અને કદાચ ભગવાનની કોઈ વિશેષ આજ્ઞા ન હોય તો આચાર્યચરણો (ગુરુ)ની આજ્ઞા પ્રમાણે જ ભગવત્સેવા કરવી જોઈએ, એમ અર્થ છે. પરંતુ પ્રશ્ન એ ઉભો થાય છે કે ભગવાનની તેવી વિશેષ આજ્ઞાની ખબર કેવી રીતે પડે ? તો તેનો જવાબ આચાર્યચરણો **'અન્તઃકરણ'** વગેરે શબ્દોથી આપી રહ્યાં છે. તે આ પ્રમાણે કે, ભગવાનની આવી વિશેષ આજ્ઞા ભગવદીયોનાં અંતઃકરણમાં સ્ફુરિત થાય છે. તેઓ આ આજ્ઞાને સ્વપ્ન દ્વારા જણાવે છે, એમ અર્થ છે. અથવા એમ સમજી લો કે આ પ્રકારે સેવા કરવાથી કેમકે પ્રભુ ભગવદીયોના અન્તઃકરણમાં બિરાજમાન થઈ જાય છે તેથી તેઓ તે ભગવદીયને એના મન અથવા આત્મા દ્વારા તેવી પ્રેરણા કરે છે. જેના દ્વારા સમજી વિચારીને જ્ઞાનપૂર્વક કાર્ય કરવામાં આવે, તેને 'અંતઃકરણ' કહે છે. આ જ અંતઃકરણની અંદર જીવાત્મા રહે છે અને એની સાથે અન્તર્યામી રહે છે તેથી આત્મા દ્વારા જે પ્રભુસેવાની આજ્ઞા થાય, તે પ્રમાણે કરવું જોઈએ ॥ ૩ ॥

एवं सति तादृक्प्रकारेण सेवाकरणे भक्तस्य सर्वांशे आत्मस्वरूपत्वेन

भगवानेव स्फुरतीति साज्ञापि ज्ञायत इति । **तदा विशेषगति**र्भगवत्स्वरूपलीलयोः सम्बन्धिनी या विशेषगतिः सेवायां ज्ञाता भवेत्, **तदादि** सर्वं स्नेहभावेन **भाव्यं** कर्तव्यं, नोचेदाज्ञानुसारेणैवेत्यर्थः । एतदेव ‘**सेवाकृतिरि**’तिश्लोके निरूपितं नवरत्ने ।

તેથી ઉપર કહેલ પ્રકારે સેવા કરવાથી ભક્તને બધી જ રીતે પોતાના આત્મા તરીકે ભગવાન જ સ્ફુરિત થાય છે અને આ રીતે તેને ભગવદ્ આજ્ઞાની પણ જાણ થાય છે. અહીં મૂલ કારિકામાં આવેલા **‘તદા વિશેષ ગતિઃ’** વગેરે શબ્દોનો અર્થ છે - ભગવાનનાં સ્વરૂપ તેમજ લીલા સંબંધી વિષયોનું જ્ઞાન થવું. એટલે કે ઉપર કહેલ પ્રકારે સેવા કરવાથી ભક્ત ભગવાનની વિશેષ ગતિઓ ને જાણવા લાગે છે, ત્યારે તેણે આવી ભગવદાજ્ઞાને સ્નેહભાવ સાથે અનુસરવી જોઈએ. અને જો કોઈ વિશેષ ભગવદાજ્ઞા ન હોય તો આચાર્યચરણો *(ગુરુ)* ની આજ્ઞા અનુસાર કાર્ય કરવું જોઈએ. આજ વાત, **‘સેવા ગુરુઆજ્ઞા પ્રમાણે કરવી જોઈએ જ્યાં સુધી ભગવાનની કોઈ વિશેષ આજ્ઞા ન થઈ હોય** (નવરત્ન-૭)’ આ શ્લોક દ્વારા કહેલી છે.

ननु कदाचिल्लौकिककार्येष्वपि भगवदाज्ञा विशेषेण भवेत्तत्राहु**र्भिन्नमि**ति । **दैहिका**द्देहसम्बन्धिपुत्रादिविवाहोपनयनरूपाद्भिन्नं यथा भवति तथाज्ञा भवति, न तु लौकिककार्ये विशिष्टाज्ञा । तेन लौकिकं तु सर्वसमर्पणानन्तरं सर्वस्य तदीयत्वानुसन्धानेन तद्दत्तप्रसादत्वेन तावन्मात्रमेवावश्यकं यत्तत्कर्तव्यं, न तु विशेषोत्साहेन धनादिव्ययादिकं कर्तव्यमित्यादिरूपः **षष्ठो विवेको** निरूपितः ।

હવે કદાચ કોઈ લૌકિક કાર્યમાં પણ ભગવાનની કોઈ વિશેષ આજ્ઞા થઈ જાય, તો શું કરવું ? તો શ્રીઆચાર્યચરણો તેનું સમાધાન **‘ભિન્નં’** વગેરે શબ્દોથી કરી રહ્યાં છે. અહીં સમજવું જોઈએ કે ભગવાનની તેવી વિશેષ આજ્ઞા દૈહિક કાર્યોથી ભિન્ન અલૌકિક સેવા સંબંધી કાર્યોમાં જ થાય છે. જેમ શરીરથી સંબંધિત પુત્ર વગેરેના વિવાહ, ઉપનયન વગેરે કાર્યોમાં નથી થતી પણ તેનાથી ભિન્ન અલૌકિક સેવા સંબંધી કાર્યોમાં થાય છે. લૌકિક કાર્યોમાં ભગવાનની વિશિષ્ટ આજ્ઞા નથી થતી. તેથી લૌકિક કાર્યો જે કરવાનાં છે, તે તો સર્વસમર્પણ કર્યા પછી બધામાં ભગવદીયતાની બુદ્ધિ રાખીને (આ બધું અને આ બધા ભગવાનના અને ભગવાનને નિવેદન થયેલા છે તેમ બુદ્ધિ રાખીને) કરવાનાં છે. તેમજ વિવાહ, જનોઈ વગેરે પણ ભગવત્ પ્રસાદરૂપ છે (એટલે કે આ કાર્યો માટે ભગવાને જ મને તેટલું આપ્યું છે તેમ વિચારીને) તેથી તેટલાં જ કામ કરવા જોઈએ જેટલાં જરૂરી હોય. લૌકિક આવેશથી ઉત્સાહમાં આવીને ધન વગેરેનો વધારે ખર્ચ પણ ન કરવો જોઈએ, આ **છઠ્ઠો વિવેક** બતાવેલ છે.

अथवा, **भिन्न**मिति **विशेषगत्यादि**विशेषणम् । तेन दैहिकाद्भिन्न-विशेषगतिकरणकथनेन विशेषाज्ञापि दैहिकविषयिणी न भवत्येवेत्युक्तं भवति, अनर्थरूपत्वात् ।

અથવા **‘ભિન્નં’** શબ્દને **‘વિશેષગત્યાદિ’** શબ્દનું વિશેષણ માની લઈએ, જેથી એમ અર્થ થાય કે ભગવાનની વિશેષગતિ (ભગવદ્આજ્ઞા) દૈહિક કાર્યોથી જુદી જ હોય છે. કેમકે આ દૈહિક કાર્યો માં પણ આ પ્રકારે ભગવદ્ આજ્ઞા માની લેવામાં આવે તો તે કાર્ય અનર્થકારી બની શકે છે. *(ટીકાકાર અન્તઃકરણમાં કેવળ ભગવત્ સેવા સંબંધી સ્ફુરિત થવાવાળી આજ્ઞાઓ ને ભગવાનની વિશેષ આજ્ઞા તરીકે બતાવી રહ્યાં છે. તેઓ કહે છે કે લૌકિક કાર્યોમાં અને દેહ સંબંધી કાર્યોના સંદર્ભમાં જે અન્તઃકરણમાં વિચાર ઉઠે છે, તેને પણ જો ભગવદ્ આજ્ઞા માની લેવામાં આવે તો અનર્થ થઈ શકે છે. કેમકે લૌકિક અથવા દેહસંબંધી વિચાર તો ધર્મ-અધર્મનું ધ્યાન રાખ્યા વગર કાંઈ પણ હોઈ શકે છે. આવા વિચારોમાં ઉચિત અને અનુચિતનું ધ્યાન રાખ્યા વગર તેને હઠાત્ ભગવદ્ આજ્ઞા માનીને તે કાર્ય કરવું યોગ્ય નથી, એમ અર્થ છે).*

ननु सेवायामपेक्षितधनादिसाधनाभावे सा कथं निर्वहति ? तदा ऋणादिकमपि कृत्वा सामग्र्यादिकं कार्यं (सम्पादनीयं) न वेति, तत्राहु**रापद्गत्यादी**ति ।

आपद्गत्यादिकार्येषु हठस्त्याज्यश्च सर्वथा ॥ ४ ॥
अनाग्रहश्च सर्वत्र धर्माधर्माग्रदर्शनम् ।

विवेकोयं समाख्यातो धैर्यं तु विनिरूप्यते ॥ ५ ॥

आपत्प्राप्तौ यानि कार्याणि भगवद्विषयकाणि, तेषु **हठो** न कार्यः । ऋणं कृत्वापि मया सर्वं कर्तव्यमेवेति हठो न कार्यः, किन्तु यथालाभसन्तोषेण प्रयत्नाभावेन यत्सम्पन्नं भवति, तदेव समर्पणीयम्, नान्यत् । मार्गस्थित्या यदेव समर्पयिष्यति तदेव साक्षादङ्गीकरिष्यतीतिभावः । एतदेव **'प्राप्तं सेवेत निर्मम'** इत्यग्रे वक्ष्यन्ति च । यत्र भगवत्कार्येष्वपि हठो न कार्यस्तत्र लौकिककार्येषु किं वाच्यमिति कैमुतिकन्यायोपि सूचित इति **सप्तमो विवेकः** ॥ ४ ॥

હવે કદાચ કોઈ એમ શંકા કરે કે ભગવત્ સેવામાં જરૂરી એવા ધન વગેરે સાધન પ્રાપ્ત ન હોય તો સેવાનો નિર્વાહ કેવી રીતે થાય ? આવી પરિસ્થિતિમાં દેવું વગેરે કરીને પણ સેવોપયોગી સામગ્રી અને સાધન મેળવવાં કે નહિ ? ત્યાં આપશ્રી **'આપદ્ગત્યાદિ'** ઈત્યાદિ શબ્દોથી કહી રહ્યાં છે.

જો પ્રભુ વિષયક કાર્યોમાં કોઈ આપત્તિ આવી જાય તો તેમાં હઠ ન કરવી. દેવું કરીને પણ મારે બધું જ કરવું જોઈએ તેવી હઠ ન કરવી જોઈએ. પરંતુ જે કંઈ મળ્યું છે તેમાં સંતોષ રાખીને પ્રયત્નરહિત થઈને જે થઈ શકે છે તે જ ભગવાનને સમર્પણ કરવું જોઈએ, બીજું કંઈ નહિ. પુષ્ટિમાર્ગીય પદ્ધતિ પ્રમાણે ભક્ત જે કંઈ પણ ભગવાનને સમર્પિત કરશે, ભગવાન એનો સાક્ષાત્ સ્વીકાર કરશે એમ ભાવ છે. આ જ વાતને આચાર્યચરણો **'પ્રભુકૃપા થી જે કંઈ પ્રાપ્ત થાય તેમાં મમતા ન રાખીને ભગવત્સેવા કરવી જોઈએ'** આ વાક્ય દ્વારા આગળ કહેશે. તેથી જ્યાં ભગવત્ કાર્યોમાં પણ હઠ ન કરવી જોઈએ, ત્યાં લૌકિક કાર્યોમાં તો હઠ ન જ કરવી જોઈએ, એ આપમેળે સમજાઈ જાય છે એમ કૈમુતિકન્યાયને પણ કહ્યો છે. આ પ્રમાણે **સાતમા વિવેકનું** નિરૂપણ કરવામાં આવ્યું છે ॥ ૪ ॥

ननु वैदिकेषु का व्यवस्था ? तत्राहु**रनाग्रह** इति । **सर्वत्र** स्मार्तश्रौतादिधर्मेषु **अनाग्रह** एव कर्तव्यः । भगवत्सेवामपि विहाय स्मार्तश्रौतादिधर्माचरणं सर्वथा कर्तव्यमित्याग्रहो न कर्तव्यः । किन्तु भगवदाज्ञया प्राप्तमावश्यकं कर्म सेवानवसरे कर्तव्यमित्यर्थः । **चका**रात्साक्षाद्भगवत्सम्बन्धिव्यतिरिक्तसर्वेष्वप्य**नाग्रह** एव कर्तव्य इत्य**ष्टमो विवेकः** ।

હવે અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે લૌકિક કાર્યો માટે તો કોઈ હઠ કે પ્રયત્ન ન કરવો જોઈએ પણ વૈદિક કાર્યો માટે શું વ્યવસ્થા છે ? તો એનો ઉત્તર **'અનાગ્રહ'** વગેરે શબ્દોથી અપાઈ રહ્યો છે. અહીં **'સર્વત્ર'** શબ્દનો અર્થ છે - સ્માર્ત - શ્રૌત વગેરે ધર્મોના વિષયોમાં. આ ધર્મોમાં અનાગ્રહ જ રાખવો જોઈએ - આગ્રહ રાખવો જોઈએ નહિ. એટલે કે 'ભગવત્ સેવાને પણ છોડીને સ્માર્ત-શ્રૌત ધર્મોનું આચરણ સર્વથા કરવું જ છે'તેવો આગ્રહ ન રાખવો જોઈએ. પરંતુ ભગવદ્ આજ્ઞાથી પ્રાપ્ત થયેલાં આ આવશ્યક શ્રૌત-સ્માર્ત કર્મો સેવાના અનવસર કાલમાં કરવાં જોઈએ તેમ અર્થ છે. **'ચ'** શબ્દથી એમ જાણવું જોઈએ કે સાક્ષાત્ ભગવત્ સંબંધિત કાર્યો સિવાયનાં બીજા બધાં કાર્યોમાં અનાગ્રહ જ રાખવો જોઈએ આ **આઠમો વિવેક** છે.

ननु वैदिकधर्मेष्वनाग्रहः कथं भवेत्तत्राहु**र्धर्माधर्मे**ति । धर्माणां स्मार्तादीनामधर्माणां तत्तदकरणजनितानामग्रदर्शनं पर्यवसानविचारः कर्तव्यः, यस्मिन्कृते अधर्मो भवेत् स न कर्तव्य इतिभावः । स्मार्तश्रौतभगवद्धर्मास्तु उत्तरोत्तरबलिष्ठाः, तत्र यथा श्रौतविधौ स्मार्तत्यागे न दोषस्तथा भगवद्धर्मकरणे उभयविधस्यापि त्यागे न दोषः, सर्वाधिकबलवत्त्वादिति विचार्य तद्धर्माणां गौणत्वात्स्वधर्मत्वाभावाच्चानाग्रह एव कर्तव्य इति **नवमो विवेक** उक्तः ।

પરંતુ અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે, આ પ્રકારે વૈદિક ધર્મો કે જે વર્ણાશ્રમ - આદિ ધર્મોના અંગભૂત છે અને જરૂરી છે, તેમાં અનાગ્રહ કેવી રીતે રાખી શકાય? તો આચાર્યચરણો આનો ઉત્તર **'ધર્માધર્મ'** વગેરે શબ્દોથી આપી રહ્યાં છે. ધર્મો એટલે સ્માર્ત વગેરે ધર્મો અને અધર્મોથી દૂર રહેવાથી જે પરિણામ આવતું હોય તેનો વિચાર કરવો જોઈએ. જે કરવાથી અધર્મ થતો હોય તે ન કરવું તેમ ભાવ છે. સ્માર્તધર્મ, શ્રૌતધર્મ, ભગવદ્ ધર્મ એ ક્રમશઃ એક પછી એક તે રીતે બળવાન છે. **એટલે કે સ્માર્તધર્મ કરતાં શ્રૌતધર્મ અને શ્રૌતધર્મ કરતાં ભગવદ્ ધર્મ બળવાન છે.** જેવી રીતે શ્રૌતધર્મ **એટલે કે વૈદિક વિધિ** બાબતમાં જો સ્માર્ત ધર્મ પણ છોડી દેવામાં આવે તો કોઈ દોષ નથી થતો, તેવી રીતે ભગવદ્ ધર્મ બાબતમાં એ બંને

ધર્મોને છોડી દેવામાં કોઈ દોષ રહેતો નથી. કેમકે ભગવદ્ ધર્મ બધા કરતાં બળવાન છે. તેથી એમ વિચાર કરીને; અને કેમકે શ્રૌત - સ્માર્ત ધર્મો ભગવદ્ ધર્મોની આગળ ગૌણ છે અને પુષ્ટિમાર્ગીય માટે ભગવદ્ ધર્મ જ સ્વધર્મ છે અને તે (શ્રૌત-સ્માર્ત) ધર્મોને મુખ્યતા આપવાથી ભગવદ્ ધર્મ બરોબર રીતે નિભાવી શકાતો નથી, તેથી તેમનામાં અનાગ્રહ જ રાખવો જોઈએ એ **નવમો વિવેક** છે.

यत्तु कर्मादिकरणे तद्भगवदाज्ञया मार्गेऽप्रामाण्यशङ्काभावायेति ज्ञेयम् ।

તેમજ, પુષ્ટિસંપ્રદાયમાં આ શ્રૌતસ્માર્ત વગેરે ધર્મો આચરવાનું પણ જે વિધાન પ્રાપ્ત થાય છે તે ભગવદાજ્ઞાથી જ છે અને માર્ગમાં અપ્રામાણિકતાની શંકાને દૂર કરવા માટે છે, તેમ સમજવું જોઈએ. *(ટીકાકાર કહી રહ્યાં છે કે છતાં પણ આપણા સંપ્રદાયમાં જે આ શ્રૌત - સ્માર્ત ધર્મોનું આચરણ કરવામાં આવે છે તે ભગવદ્ આજ્ઞા હોવાને કારણે કરવામાં આવે છે કેમકે સ્વયં ભગવાને આ કર્મો કરવાની આપણને આજ્ઞા આપી છે. આ જ વાત* **‘श्रुतिस्मृती ममैवाज्ञे’**, *આ શ્લોકમાં કહી છે. અર્થાત્ આ ધર્મોને કરવામાં પણ મૂલકારણ તો ભગવદાજ્ઞા જ છે. અને, બીજી વાત એ છે કે આ ધર્મોનું આચરણ ન કરવાથી જગતમાં પુષ્ટિભક્તિમાર્ગ અપ્રામાણિક છે તેમ સિધ્ધ થશે કે પુષ્ટિમાર્ગમાં વૈદિક કર્મોનો અનાદર કરવામાં આવે છે, શાસ્ત્રની આજ્ઞા ભંગ કરવામાં આવે છે-વગેરે. આજ કારણોથી તેમને ક્રિયાવત્ કરી લેવામાં તો આવે છે પણ સાચી નિષ્ઠા તો ભગવદ્ ધર્મો માં જ રાખવી જોઈએ, તેમ અર્થ છે.)*

एवं भगवत्सेवाविषयकविवेकानुक्त्वोपसंहरन्ति **विवेकोय**मिति । भगवत्सेवायां प्रवृत्तस्यायं विवेकः **सम्यक्**प्रकारेण विस्तरेण **आख्यातः** । एतादृशविवेकेन प्रवृत्तस्य सेवानिर्वाहो भविष्यतीति भावः ।

આ પ્રકારે ભગવત્સેવા વિષયક વિવેકને બતાવી હવે આચાયચરણો **‘વિવેકોયં’** વગેરે શબ્દોથી ઉપસંહાર *(સમાપ્તિ)* કરી રહ્યાં છે. આ પંક્તિનો અર્થ એ છે કે ઉપર કહેલ પ્રકારથી ભગવત્ સેવામાં પ્રવૃત્ત થવાવાળા ભક્તને આ વિવેકનું સ્વરૂપ સુચારુ રીતે, વિસ્તારથી કહી દીધું છે. આવા વિવેક દ્વારા ભગવત્ સેવામાં

પ્રવૃત્ત થનાર ભક્તને સેવાનો નિભાવ સુચારુ રીતે થઈ શકશે તેમ અર્થ છે.

एवं विवेकेन सेवायां प्रवृत्तस्य बहिर्भजनसिद्धिप्रकारमुक्त्वा धैर्यं विना सेवा न सिद्ध्येदिति मुख्यमान्तरमिति तत्सिद्ध्यर्थं धैर्यं निरूपयन्ति **धैर्यमिति** । पूर्वमपि **‘चित्तोद्वेगमि’**त्यादिना धैर्यं निरूपितं, साम्प्रतन्तु विशेषेण निरूप्यत इति **वि**शब्दार्थः । **तु**शब्दः धैर्योपक्रमज्ञापकः ॥ ५ ॥

આ રીતે આ વિવેક સાથે સેવા કરવાવાળા ભક્ત માટે બહિર્ભજનની સિદ્ધિનો પ્રકાર કહીને *(અહીં મૂલ સંસ્કૃત ટીકામાં* ***‘બહિર્ભજનસિદ્ધિપ્રકાર’*** *શબ્દ આપ્યો છે, તેને સમજો. આનો અર્થ થાય છે - ભગવદ્ ભજનને પૂર્ણ રૂપથી સિધ્ધ કરવામાં જે ઉપયોગી વાતો છે, તેનું ધ્યાન રાખવું. જેમ ટીકાકાર ઉપરની પંક્તિઓમાં સમજાવી આવ્યા છે કે, દેવું વગેરે કરીને પણ સેવા કરવી કે નહિ ? વૈદિક ધર્મોમાં ભગવદ્ધર્મોથી વધારે નિષ્ઠા રાખવી કે નહિ ? ભગવદ્ વિષયોમાં હઠ કરવી કે નહિ વગેરે. આ તે ઉપયોગી મુદ્દાઓ છે જેનાથી ભજન સિધ્ધ થશે અને તે વિવેક રાખ્યા વગર સંભવ નથી. આ જ વાતને ટીકાકાર અહીં કહી રહ્યાં છે કે વિવેકનાં નિરૂપણ દ્વારા ભજન સિધ્ધ કરવાનો બાહ્ય પ્રકાર તો કહી દીધો, પરંતુ તેનો આંતરિક પ્રકાર હવે ધૈર્યનાં નિરૂપણ દ્વારા કહેવાઈ રહ્યો છે, આ અર્થ છે.)* ધૈર્ય વગર સેવાની સિદ્ધિ નથી તેથી મુખ્ય ભજન તો આંતર ભજન છે, તે માટે તેની સિદ્ધિ માટે ધૈર્યનું નિરૂપણ કરે છે **‘ધૈર્યમ્’** વગેરે શબ્દોથી. જો કે પહેલાં પણ નવરત્નગ્રંથમાં **‘ચિત્તમાં ઉદ્વેગ થાય તો પણ તેને ભગવલ્લીલા માની ચિન્તા છોડી દેવી જોઈએ** (નવરત્ન-૮) આ શ્લોક દ્વારા ધૈર્યનું સ્વરૂપ નિરૂપિત કરી દીધું છે છતાં પણ અહીં વિશેષ રીતે બતાવવામાં આવી રહ્યું છે, તેમ અહીં **‘વિનિરૂપ્યતે’** શબ્દમાં પ્રયુક્ત **‘વિ’** ઉપસર્ગ દ્વારા સમજાય છે. *(* ***‘વિ’*** *ઉપસર્ગ વિશેષતા નો સૂચક છે. જેમ જ્ઞાન શબ્દમાં* ***‘વિ’*** *ઉપસર્ગ લગાડવામાં આવે તો ‘વિજ્ઞાન’ શબ્દ બને છે, જેનો અર્થ છે વિશેષ રૂપે જાણવું. તેવી રીતે અહીં મૂળ કારિકામાં* ***‘નિરૂપ્યતે’*** *શબ્દમાં* ***‘વિ’*** *ઉપસર્ગ લગાડવામાં આવ્યો છે, જેનો અર્થ છે - વિશેષરૂપ થી નિરૂપણ કરવું. એ જ વસ્તુને અહીં ટીકાકાર કહી રહ્યાં છે કે જો કે પૂર્વ ગ્રંથમાં ધૈર્યનું યત્કિંચિત્ સ્વરૂપ કહી તો દીધું છે પરંતુ અહીં વિવેકધૈર્યાશ્રય ગ્રંથમાં એને વિશેષરૂપે કહેવામાં આવી રહ્યું છે, અને તે બતાવવા* ***‘વિ’*** *ઉપસર્ગ નો પ્રયોગ કર્યો*

છે, તેમ અર્થ છે.) **'તુ'** શબ્દ દ્વારા એ સમજાય છે, કે હવે અહીંથી **'ધૈર્ય'** નું સ્વરૂપ બતાવવાનો આરંભ કરવામાં આવે છે. ॥ ૫ ॥

तल्लक्षणमेवाहुः । **त्रिदुःखमि**ति ।

त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा ।
तक्रवद्देहवद्भाव्यं जडवद्गोपभार्यवत् ॥ ६ ॥

त्रयाणामाधिभौतिकादीनां दुःखानां सहनं **धैर्य**मुच्यते, तत्र देहसम्बन्धजनितं दुःखं भौतिकं, कामादिजनितमिन्द्रियसम्बन्धि तद् आध्यात्मिकं, परीक्षार्थं प्रारब्धभोगार्थं वा भगवत्कृतं भगवदर्थस्वापेक्षितकरणविलम्बजनितं तदाधिदैविकम्। तेषामसहने चित्तव्याकुलतया सेवा न सिद्ध्येत्तदभावे सेवकस्य स्वधर्महानिरेवेति सेवासिद्ध्यर्थं तत्सहनमेव कार्यमितिधैर्यमुक्तम् । **तदप्यामृते**ः मरणपर्यन्तं, अथवा यावदायुरपि धैर्यमेव[१] रक्षणीयम्, न त्वन्तर्निष्ठा हेया । तदपि **सर्वत**ः देहेन्द्रियादिसर्वसम्बन्धिष्वप्येकस्य द्वयोर्वा सहनं तन्नास्ति, किन्तु सर्वतः। तदपि **सदा** निरन्तरं तत्सहनमितिधैर्यलक्षणमुक्तम् ।

'ધૈર્ય' નું લક્ષણ આચાર્યચરણો **'ત્રિદુઃખમ્'** વગેરે શબ્દોથી કહી રહ્યા છે.

ત્રણ પ્રકારનાં દુઃખો એટલે કે આધિભૌતિક -આધ્યાત્મિક-આધિદૈવિક દુઃખોને સહન કરવાં એટલે ધૈર્ય. દેહસંબંધી ઉત્પન્ન થવાવાળાં દુઃખ 'ભૌતિક' છે. કામ વગેરેથી ઉત્પન્ન થવાવાળાં ઈન્દ્રિયોથી સંબંધિત દુઃખ 'આધ્યાત્મિક' છે અને ભક્તની પરીક્ષા કરવા માટે અથવા પ્રારબ્ધનો ભોગ કરાવવા માટે ભગવાન દ્વારા આપેલું દુઃખ જે જીવ અનુભવે છે અર્થાત્ ભગવાન માટે મનગમતી વસ્તુને પ્રાપ્ત કરવામાં જે જીવને વિલંબરૂપ દુઃખ થાય છે તે 'આધિદૈવિક' છે. આ દુઃખોને સહન ન કરી શકવાને કારણે ચિત્ત વ્યાકુળ થાય છે અને ભગવત્ સેવા નિભાવી શકાતી નથી અને સેવા નિર્વાહ ન થવાથી સેવકનો સ્વધર્મ ભંગ જ થાય છે. તેથી

---

[१] तदपि सहनमेव कर्तव्यमिति पाठः कपुस्तके ।

ભગવત્ સેવાની સિદ્ધિ માટે આ દુઃખોને સહન જ કરવા જોઈએ એમ 'ધૈર્ય' નું લક્ષણ કહ્યું છે. તે પણ **'આમૃતેઃ'** - મૃત્યુ સુધી સહન કરવાં જોઈએ. એટલે કે જ્યાં સુધી આયુષ્ય રહે ત્યાં સુધી 'ધૈર્ય' રાખવું જોઈએ. ભગવાન પ્રત્યે આપણી આંતર નિષ્ઠા છોડવી જોઈએ નહિ. અને તે ધૈર્ય પણ **બધી જ રીતે રાખવું** જોઈએ એટલે દેહ-ઈન્દ્રિય વગેરેથી સંબંધિત બાબતો પૈકી કેવળ એક અથવા બે જ દુઃખને સહન કરવું તેમ નહિ પણ બધાં દુઃખોને સહન કરવાં જોઈએ. અને એ પણ **સદાય** સહન કરતા રહેવું જોઈએ અર્થાત્ નિરંતર સહન કરતા રહેવું જોઈએ, એમ ધૈર્યનું લક્ષણ કહેલું છે.

अतः परं देहाभिमानस्य विद्यमानत्वाद् दुःखसहनं दुष्करमिति दृष्टान्तेन तदभिमानाकर्तव्यत्वनिरूपणात् तदुपपादयन्ति **तक्रवदि**ति । तक्रं यथा निःसारं भवति हेयत्वेन तत्र नाभिमानः । कदाचित्तन्नाशेपि न दुःखं भवेत् । नवनीतन्तु तत्सारं तत्राभिमानो जायते तन्नाशेपि दुःखमिति तद् गृह्यते, तथा देहादिषु तत्सम्बन्धिषु च निःसारत्वेन हेयत्वबुद्ध्या तत्राभिमानस्त्याज्यः । तत्त्यागेन तत्कृतमानापमानदुःखेष्वपि अभिमानत्यागेन दुःखं न भविष्यतीत्याशयेनोक्तं **तक्रवद्देह**वदिति, **तक्रवद्देह**वता देहादिषु तत्सम्बन्धिषु च **भाव्यमि**ति । अनेन भगवत्सम्बन्धिकार्येष्वेव नवनीतवदभिमानो रक्षणीय इति सूचितम् । तेन भगवदीयानां प्रभुसेवाकरण एव सुखं, तदभावे दुःखम् । न तु देहादितत्सम्बन्धिकृतं तद्भवतीति ज्ञापितम् ।

હવે પછી એ બતાવવામાં આવી રહ્યું છે કે, જ્યાં સુધી દેહાભિમાન રહે છે ત્યાં સુધી દુઃખને સહન કરવું અતિ કઠિન હોય છે તેથી જ આગળ દૃષ્ટાંતો વડે એ બતાવવામાં આવે છે કે દેહાભિમાન ન કરવું જોઈએ, આને આચાર્યચરણો **'તક્રવત્'** વગેરે શબ્દોથી સમજાવી રહ્યાં છે. જેવી રીતે છાશમાં કંઈ પણ સાર નથી હોતો અને તે હેય હોય છે અને તેથી જ આપણને તેનું અભિમાન નથી હોતું. કદાચ તે ઢોળાઈ પણ જાય તો પણ દુઃખ નથી થતું. છાશ નો સાર તો માખણ છે, તે માટે ચોકક્સ અભિમાન રહે છે અને એ નષ્ટ થતાં દુઃખ પણ થાય છે, તેથી માખણને જ લેવામાં આવે છે. તેવી જ રીતે દેહ-વગેરે તેમજ દેહથી સંબંધિતોને

સારરહિત માનીને હેય (નિઃસાર) બુદ્ધિ રાખીને તેમના માટે આપણાં મનમાં રહેલા અભિમાનનો ત્યાગ કરવો જોઈએ. એમના વિશે રહેલા અભિમાનનો ત્યાગ કરવાથી એમના દ્વારા કરવામાં આવેલાં માન- અપમાન, દુઃખ વગેરેમાં પણ દુઃખ નહિ થાય, એવા આશયથી અહીં આચાર્યચરણોએ સારરહિત છાશની માફક શરીર અને શરીર સંબંધિઓનાં અભિમાનને છોડવાનું કહ્યું છે. તેથી છાશની જેમ આ દેહધારીએ દેહ વગેરે અને દેહના સંબંધિઓમાં એવી ભાવના રાખવી જોઈએ. આથી એમ નક્કી થયું કે ભગવત્ સંબંધિત કાર્યોમાં જ તે અભિમાનની માખણની જેમ રક્ષા કરવી જોઈએ, એમ કહ્યું છે. તેથી અહીં એમ જાણવું જોઈએ કે જેઓ ભગવદીય હોય છે તેમને પ્રભુસેવા કરવામાં જ સુખ થાય છે, અને ભગવત્ સેવા પ્રાપ્ત ન હોય તો દુઃખ થાય છે. તેઓને શરીર વગેરે અથવા શરીર સંબન્ધિઓ દ્વારા આપવામાં આવેલા દુઃખ અથવા સુખની અનુભૂતિ નથી થતી, તેમ બતાવ્યું છે.

एवं भौतिकदुःखसहने दृष्टान्तं निरूप्याध्यात्मिकतत्सहने दृष्टान्तमाहुः, **जडवदि**ति । आध्यात्मिकं दुःखं इन्द्रियादिसम्बन्धिकामक्रोधादिजन्यम् । तत्सहने जडस्य भावना कार्या । जडस्य यथा सकलेन्द्रियाणां भगवद्भावाविष्टत्वात् न तदिन्द्रियजन्यदुःखभानम्, जडत्वं च जातम् । तथा सेवायां प्रवृत्तस्यापि सकलेन्द्रियाणां तदीयत्वानुसन्धानेन स्वाभिमानाभावात् भगवत्येव विनियोगकरणे निरन्तरं तत्सेवागुणकीर्तनस्मरणावेशेन न कामादिजनितदुःखं भवेदित्याशयेनोक्तं **जडवदि**ति । एवं सति यावत्पर्यन्तं जडवद्भावनया निरन्तरं भगवदाविष्टत्वं भवेत्तावत्पर्यन्तं तत्तदिन्द्रियदुःखसहनेन सेवा कार्या । न तु विषयभोगादिकं कार्यमिति । अतितुच्छत्वात्तदावेशेन भगवदावेशाभावाच्च ।

આ પ્રકારે આચાર્યચરણોએ ભૌતિક દુઃખોને સહન કરવામાં દષ્ટાંત આપ્યું અને હવે આપશ્રી આધ્યાત્મિક દુઃખ સહન કરવા માટે **‘જડવત્’** વગેરે શબ્દોથી દષ્ટાંત આપી રહ્યાં છે. આધ્યાત્મિક દુઃખનો અર્થ છે - ઈન્દ્રિય વગેરેથી સંબંધિત કામ, ક્રોધ વગેરેથી ઉત્પન્ન થયેલાં દુઃખ. આવા દુઃખોને સહન કરવામાં ‘જડ’ ની ભાવના કરવી જોઈએ. *(ભૌતિક પદાર્થોને જડ કહેવામાં આવે છે. જે જડ હોય છે તે નિષ્ક્રિય હોય છે, એને સુખદુઃખની અનુભૂતિ થતી નથી. અહીં દુઃખોને સહન કરવામાં જડનું ઉદાહરણ આપતાં એ જ સમજાવવામાં આવી રહ્યું છે કે આ પ્રકારે સમસ્ત પરિસ્થિતિઓમાં નિષ્ક્રિય થઈ જવાથી આ દુઃખોને સહન કરી શકાય છે, તેમ અર્થ છે.)* જેવી રીતે જડભરતજીની બધી જ ઈન્દ્રિયો ભગવદ્ભાવથી ઓતપ્રોત થઈ ગયેલી હતી તેથી તેમની ઈન્દ્રિયોથી ઉત્પન્ન દુઃખનું ભાન જ ન રહ્યું પણ જડતા જ રહી, એવી રીતે ભગવત્ સેવામાં પ્રવૃત્ત થયેલા ભક્તને પણ પોતાની સમસ્ત ઈન્દ્રિયોમાં ભગવદીયતાનું અનુસંધાન થવાથી સ્વયંનું અભિમાન નથી રહેતું. અને, તેઓ બધી વસ્તુઓનો ભગવાનમાં જ વિનિયોગ કરે છે. અને એમની સેવા, તેમના ગુણોના કીર્તન તેમજ તેમના સ્મરણના આવેશ દ્વારા તેમને કામ વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખ નથી થતા. આ જ આશયથી અહીં આ દુઃખોને સહન કરવામાં **‘જડ’** ઉદાહરણ આપવામાં આવ્યું છે. *(જડભરતજીના પ્રસંગને વિશેષ જાણવા માટે જુઓ શ્રીભાગવત પાંચમા સ્કંધનો ૯ મો અને ૧૦ મો અધ્યાય)*. અતઃ આ પ્રકારે નિરંતર જડની ભાવના કરતાં કરતાં જ્યાં સુધી ચિત્ત ભગવદાવેશિત ન થઈ જાય, ત્યાં સુધી તે-તે ઈન્દ્રિયોનું દુઃખ સહન કરતાં ભગવત્સેવા કરવી જોઈએ, વિષયભોગ વગેરે નહિ કરવા જોઈએ. કેમકે આ બધું અતિશય તુચ્છ છે અને તેનો આવેશ થઈ જવાથી ભગવદાવેશ નથી થઈ શકતો.

एवमाध्यात्मिकं निरूप्याधिदैविके दृष्टान्तमाहु**र्गोपभार्यवदि**ति । प्रारब्धभोगार्थं परीक्षार्थं वा प्रभुश्चेद्विलम्बते तदा गोपभार्यानां भावना कार्या। यथान्तर्गृहगतानां जारत्वबुद्धिहेतुकप्रारब्धभोगार्थं विलम्बः कृतस्तद्भोगानन्तरं तत्प्राप्तिर्जाता तथा ममापि प्रारब्धभोगानन्तरं भगवान् दास्यत्येवेति धैर्येण दुःखं सोढव्यमितिभावः । अत **एवामृतेरि**त्युक्तम् । तासां गुणमयदेहत्यागानन्तरमेव फलं जातमिति तद्वदत्रापि परीक्षार्थं चेद्विलम्बते, तदा तद्व्यतिरिक्तानां भावना कार्या।

આ પ્રકારે આધ્યાત્મિક દુઃખસહનનું નિરૂપણ કરી આધિદૈવિક દુઃખસહનમાં દષ્ટાંત આપી રહ્યાં છે. **‘ગોપભાર્યવત્’** વગેરે શબ્દોથી. જ્યારે પ્રભુ જીવની પરીક્ષા કરવા માટે અથવા પ્રારબ્ધ નો ભોગ કરાવવા માટે ફલદાનમાં વિલંબ કરે છે, ત્યારે ગોપવધુઓની ભાવના કરવી જોઈએ. *(અહીં ‘ગોપવધુ’ શબ્દનું તાત્પર્ય તે ગોપિકાઓમાં છે, જેમને પ્રભુને મળવાથી રોકી દેવામાં આવ્યા હતા અથવા તેમને વિલંબ થયો. તેમણે જે પ્રકારે ધૈર્ય રાખીને તે દુઃખને સહન કર્યું તેવું*

ધૈર્ય રાખવું જોઈએ, તેમ અર્થ છે.) જેવી રીતે, તે ગોપિકાઓ જેમને ઘરોમાં જ રોકી લેવામાં આવી અને તે પ્રભુને મળવા ન જઈ શકી *(તેવી ગોપિકાઓને જ 'અન્તર્ગૃહગતા' કહી છે)* તેવી ગોપિકાઓએ ભગવાનમાં પરપુરુષની બુદ્ધિ રાખેલી અને તેમના પ્રારબ્ધનો ભોગ કરાવવા માટે તેમને પ્રભુપ્રાપ્તિમાં વિલંબ થયો પરંતુ તે પ્રારબ્ધના ભોગ પછી તેમને ભગવત્‌પ્રાપ્તિ પણ થઈ, તેવી રીતે 'મને પણ પ્રારબ્ધભોગ પછી ભગવાન ફલદાન અવશ્ય કરશે જ', આ પ્રકારે ધીરજપૂર્વક દુઃખને સહન કરવું જોઈએ તેમ ભાવ છે. આ જ કારણથી આચાર્યચરણોએ દુઃખને મરણપર્યંત સહન કરવાનું કહ્યું છે. કેમકે એ ગોપિકાઓને પણ તેમના ભૌતિકગુણોથી યુક્ત દેહના ત્યાગ પછી જ ફળ પ્રાપ્ત થયું, તેવી જ રીતે અહીં પણ પ્રભુ જો પરીક્ષા લેવા માટે ફલદાનમાં વિલંબ કરે છે તો એમ સમજવું જોઈએ કે આપણે તે અન્તર્ગૃહગતા ગોપિકાઓમાંથી નહિ પણ તે ગોપિકાઓમાંથી છીએ જેમને વિલંબથી પ્રભુપ્રાપ્તિ થઈ.

यथा तासां रासारम्भे आगमनानन्तरं निषेधवाक्यश्रवणेपि यज्ञपत्नीवदन्यथाभावो न जातः, किन्तु स्वापेक्षिताभावजनितदुःखभरेण स्थाणुवत्स्थितानां व्याकुलसकलेन्द्रियाणामपि तद्दुःखं सोढ्वा धैर्यमवलम्ब्य तच्छरणागतिभक्तिमार्गानुसार्युत्तरदानमेवाभूत्, न तु गृहादिषु प्रत्यागमनेच्छा जाता। तथास्यापि तादृग्भावनया विलम्बजनितदुःखसहनेन निरुपधिस्नेहेन मार्गस्थितौ भगवान्फलं दास्यतीतिदुःखं सोढव्यमित्युक्तं **गोपभार्यवदि**ति ।

જેમ રાસની ગોપિકાઓને રાસના આરંભમાં ત્યાં પહોંચ્યા પછી અને પ્રભુ દ્વારા નિષેધ વચન સાંભળ્યા પછી પણ યજ્ઞપત્નીઓની જેમ અન્યથા ભાવ ઉત્પન્ન ન થયો. *(આ વાક્યનો અર્થ સમજવા માટે બે વાતો જાણવી જરૂરી છે - પહેલી ભગવાન દ્વારા નિષેધ વચન વાળી વાત અને બીજી યજ્ઞપત્નીઓવાળી વાત. ભગવાનના નિષેધવચનના સંદર્ભમાં એ જાણવું જોઈએ કે, રાસનો આરંભ થતાં પહેલાં જ્યારે ભગવાને વેણુનાદ કર્યો ત્યારે ગોપિકાઓ તે વેણુનાદને સાંભળીને પોત-પોતાના ઘરોમાંથી પ્રભુ પાસે દોડીને ગઈ ત્યારે પ્રભુએ પરીક્ષા લેવા માટે તેમને પાછાં ઘરે જવા માટે નિષેધવચન કહ્યાં (જુઓ. શ્રી.ભા. ૧૦-૨૯-૧૮....૨૭).* પરંતુ તેમ છતાં ગોપિકાઓ ધૈર્યપૂર્વક ત્યાં જ રહી, પાછી ગઈ નહિ. એ પ્રકારે વિપરીત પરિસ્થિતિમાં આપણે પણ તે ગોપિકાઓની જેમ ધૈર્ય રાખવું જોઈએ, એમ બતાવવામાં આવી રહ્યું છે. તેવી રીતે શ્રીભાગવતના દશમસ્કન્ધમાં યજ્ઞપત્નીઓનું પ્રકરણ છે. અહીં બતાવવામાં આવ્યું છે કે ભગવાને ગોપબાલકોને ભોજન લાવવા માટે યજ્ઞ કરવાવાળા કેટલાક બ્રાહ્મણોની પાસે મોકલ્યા પરંતુ તે યજ્ઞ કરવાવાળા બ્રાહ્મણોએ પોતાના અહંકારવશ તેમને કશું ન આપ્યું. આ પછી ભગવાને તેમને ફરીથી તે બ્રાહ્મણોની પત્નીઓની પાસે મોકલ્યા જે યજ્ઞસ્થળથી થોડે દૂર રહેતી હતી. તે યજ્ઞપત્નીઓ ભગવાનનો સંદેશ મળ્યા પછી ભગવાનના દર્શન માટે આવી. ત્યારે ભગવાને એમને પણ પાછા જવા કહ્યું અને તેમ થતાં તેઓ પાછી ગઈ. *(જુઓ શ્રી.ભા. ૧૦-૨૩-૧૪....૩૨) ટીકાકાર કહી રહ્યા છે કે યજ્ઞપત્નીઓ તો ભગવદ્-આજ્ઞા માનીને પાછી જતી રહી તેથી તેમને તે જ સમયે ભગવત્ પ્રાપ્તિ ન થઈ પરંતુ ગોપિકાઓ તેમની જેમ પાછી ન ગઈ અને ભગવાનને પ્રત્યુત્તર આપ્યો, તેથી તેમને તે જ સમયે પ્રભુની પ્રાપ્તિ થઈ ગઈ. ટીકાકારનું કહેવું છે કે આપણે પણ આ જ રીતે ગોપિકાઓની જેમ ધૈર્યપૂર્વક રહેવું જોઈએ)* વળી તેમને રાસક્રીડાની અપેક્ષા હતી અને એમનો ભાવ પૂર્ણ ન થવાથી તેમને ઉત્પન્ન થયેલાં દુઃખને કારણે તે પ્રભુના નિષ્ઠુર વચનોને સાંભળીને પણ એક ઠૂંઠાની જેમ ત્યાં જ ઉભી રહી ગઈ. તેમની સમસ્ત ઈન્દ્રિયો વ્યાકુળ થઈ છતાં પણ તે દુઃખને સહન કરીને ધૈર્યપૂર્વક ભગવાનની શરણાગતિ વાળા ભક્તિમાર્ગને અનુસાર તે ત્યાં જ રહી અને ભગવાનને પ્રત્યુત્તર આપ્યો, પોતાના ઘરોમાં પાછા જવાની ઈચ્છા ન કરી. તેવી જ રીતે પુષ્ટિમાર્ગીય ભક્તોએ તેવી જ ભાવના દ્વારા તેમના ફલદાન માં થયેલા વિલંબના દુઃખને સહન કરવાથી અને ભગવાન પાસે કોઈ પણ પ્રકારની કામના ન રાખીને પુષ્ટિમાર્ગમાં દ્રઢતાપૂર્વક રહેવાથી ભગવાન ફળ આપે જ છે તેથી ભક્તે દુઃખ સહન કરવું જોઈએ. આ જ ભાવને બતાવવા માટે આચાર્યચરણોએ **'ગોપભાર્યવત્'** શબ્દથી ગોપિકાઓનું દ્દષ્ટાંત આપ્યું છે.

किञ्च, गोपानां भार्याः, **भार्यापदे**न भर्तुं योग्या यद्यपि तथापि तासां तत्कृतभरणपोषणादिकं नापेक्षितं किन्तु भवत्कृतमेव । भगवत्कृततदभावे तासां जीवनमेव न भवति । यतस्तदुपयोगाभावे सर्वमेव भरणपोषणादिसाधनं गृहादिकं त्यक्तं भवति । एतदुपयोग एव तद्भोग्यत्वेन गृहीतो भवतीति । तथा

प्रभुविलम्बकरणेपि तद्व्यतिरिक्तदेहादिसम्बन्धि पूर्वोक्तं किमपि न भावनीयं, किन्तु प्रभुः मम भरणपोषणादिकं करिष्यत्येवेतिनिश्चयेन धैर्येण स्थातव्यमिति **गोपभार्य**पदेन ज्ञाप्यते ।

અને, અહીં એ પણ સમજો કે ભલે ગોપોની જે ભાર્યા *(એટલે કે પત્ની)* હોય છે તેને ગોપભાર્યા કહે છે અને જેનું ભરણપોષણ કરવાનું છે તેને 'ભાર્યા' કહે છે. આ રીતે તે ગોપિકાઓ ગોપોની ભાર્યા તો છે, છતાં પણ તે ગોપિકાઓને પોતાના લૌકિકપતિ તરફથી ભરણપોષણ અપેક્ષિત ન હતું પણ તે તો ભગવાન દ્વારા પોતાનું ભરણપોષણ ઈચ્છતી હતી. જો પ્રભુ તેમનું ભરણપોષણ ન કરતે તો તે જીવીત જ ન રહેતી. જો ભગવાન તેમનું ભરણપોષણ ન કરતા તો તે તો પોતાના ભરણપોષણના સાધન ઘર વગેરે બધાનો તો ત્યાગ કરી બેઠેલી હતી. વાસ્તવમાં તો તેમનો ઘર વગેરેનો ઉપયોગ કરવો પણ ભગવદ્ ભોગ માટે હતો અને એ કારણથી જ તે ત્યાં રહી. બરોબર આ જ પ્રમાણે જો પ્રભુ ફલદાનમાં વિલંબ કરે ત્યારે પણ તેમના સિવાય પહેલાં કહેલાં દેહસંબંધિઓ પર આશ્રિત થવાની ભાવના ન કરવી જોઈએ પણ 'પ્રભુ મારું ભરણપોષણ કરશે જ' એવાનિશ્ચય સાથે ધૈર્યપૂર્વક રહેવું જોઈએ- આ **'ગોપભાર્ય'** પદ દ્વારા કહેલ છે.

किञ्च, श्रीमदाचार्याणां साक्षात्पुरुषोत्तमास्यत्वेन तदुक्तवाक्यानामुपनिषद्रूपत्वादत्र **भार्या**पदे ह्रस्वछान्दसो ज्ञेयः । स्वकीयानामेतादृश्येव बुद्धिर्भविष्यति, परन्तु कस्यचिद्भ्रान्तस्याशङ्का भवेत्तदभावार्थं पक्षान्तरमुच्यते। यद्वा, गोपानां भार्यः भरणपोषणयोग्यः, अर्थात्तेषामेव भार्यजन इति यावत्।

અને વળી, કેમકે શ્રીમદાચાર્યચરણો સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમના મુખારવિંદ સ્વરૂપ છે તેથી તેમના મુખથી નિકળેલા વાક્યો પણ ઉપનિષદ્રૂપ જ છે; એ કારણથી અહીં મૂળકારિકામાં આવેલ **'ભાર્ય'** પદને વૈદિક જાણી લેવો જોઈએ. *(ટીકાકારે અહીં એક ગંભીર વાત કહી છે. તેઓ કહે છે કે જો કે સંસ્કૃતમાં પત્ની માટે ભાર્યા શબ્દ છે પરંતુ શ્રીમદાચાર્યચરણો **'ભાર્યા'** શબ્દનો પ્રયોગ ન કરીને **'ભાર્ય'** શબ્દનો પ્રયોગ કરી રહ્યા છે જે પાણિનિ - વ્યાકરણની દષ્ટિએ બરોબર નથી. પરંતુ તેઓ કહે છે કે કેમકે શ્રીમહાપ્રભુ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમના મુખારવિંદસ્વરૂપ છે તેથી તેમના મુખારવિંદમાંથી પ્રકટેલું હરએક વાક્ય પણ વેદરૂપ જ છે અને તે જ કારણે **'ભાર્ય'** શબ્દને વૈદિક પ્રયોગ જાણી લેવો જોઈએ. એટલે કે જ્યાં સ્વયં ભગવાનની વાણી નિકળી રહી હોય ત્યાં માનવીય પાણિનિ-વ્યાકરણ શું વિસાતમાં છે ? તેમ અર્થ છે. તેમજ, સ્વયં ઉપનિષદોની શરુઆતમાં મંગલાચરણમાં **'ભદ્રં કર્ણેભિઃ'** પ્રયોગ આવે છે જે પાણિનિ વ્યાકરણની દષ્ટિએ ઉપયુક્ત નથી. પાણિનિ વ્યાકરણ પ્રમાણે શુદ્ધ પ્રયોગ **'ભદ્રં કર્ણૈઃ'** હોવો જોઈએ, પરંતુ એમ બોલવામાં નથી આવતું. કેમકે વેદવાણી ભગવાનની વાણી છે અને એને કોઈ વ્યાકરણનું બંધન નથી. તે પ્રકારે અહીં પણ સમજવું જોઈએ, એમ ટીકાકાર કહે છે).* જેઓ સ્વકીય છે તેઓ તો તેમજ વિચારશે પરંતુ કોઈ ભ્રાંતચિત્ત વ્યક્તિને એવી શંકા થઈ શકે છે તેથી અમે તેમના માટે આ પદની બીજી રીતે વ્યાખ્યા કરીએ છીએ. તે આ પ્રકારે કે ગોપોની **'ભાર્ય'** નો અર્થ એ છે કે જેઓ ભરણપોષણને યોગ્ય છે તે. અર્થાત્ તે ગોપોની પત્નીઓ જ **'ભાર્યજન'** છે.

यद्वा, **गोपभार्यः** भार्याणां समूहो भार्यः, गोपानां भार्यस्तत्समूह इत्यर्थः । एवं दृष्टान्तत्रयभावनया तत्तदुःखसहनेन कायमनोवाक्प्रपत्तिर्भवेत्। तथा च देहसम्बन्धिभौतिकदुःखसहने प्रथमं सेवायां प्रवृत्त्या कायिकी प्रपत्तिर्भवेत्, इन्द्रियसम्बन्ध्याध्यात्मिकदुःखसहने मनो भगवन्निष्ठं भवेदितितत्प्रपत्तिः । ततो भगवत्सम्बन्धितत्सहने भगवत्कृतविलम्बस्य विरहात्मकत्वेन तत्स्वभावात् निरन्तरं गुणगानकरणे वचोपि तन्निष्ठं भवतीति त्रिधा प्रपत्तिर्निरूपिता ।

અથવા એવો અર્થ કરી લોકે 'ભાર્યા' નો જે સમૂહ છે, તે સમૂહને **'ભાર્ય'** કહે છે. અર્થાત્ ગોપોની ભાર્યોનો સમૂહ જ **'ભાર્ય'** શબ્દથી કહેવાઈ રહ્યો છે, આ સમજીને અશુદ્ધ પ્રયોગની શંકા હવે નથી રહેતી. તો, આ પ્રકારે ઉપર્યુક્ત ત્રણ દષ્ટાંતોની ભાવના દ્વારા *(અર્થાત્ તક્રવત્, જડવત્, ગોપભાર્યવત્)* તે તે દુઃખોને સહન કરવાથી શરીર, મન અને વાણીથી શરણાગતિ થાય છે. આ રીતે દેહસંબંધિત ભૌતિક દુઃખ સહન કરવાથી સર્વપ્રથમ દેહની ભગવત્સેવામાં પ્રવૃત્તિ થવાથી શરીરની શરણાગતિ થાય છે. ઈન્દ્રિય સંબંધી આધ્યાત્મિક દુઃખ સહન કરવાથી મન ભગવાનમાં નિષ્ઠ થઈ જાય છે અને આ પ્રકારે મનની શરણાગતિ થાય છે. આના પછી ભગવત્સંબંધી દુઃખને સહન કરવાથી કેમકે ભગવત્કૃત વિલંબ વિરહાત્મક

હોય છે તેથી એવા વિરહી સ્વભાવના થઈ જવાથી જીવ નિરંતર ભગવાનના જ ગુણગાન કરે છે અને એ પ્રકારે વાણી પણ ભગવાનમાં નિષ્ઠ થઈ જાય છે. આ રીતે વાણી પણ શરણાગત થઈ જાય છે. આ પ્રકારે અહીં ત્રણ પ્રકારની શરણાગતિ નિરૂપિત કરી.

अत्रैवं ज्ञेयं, देहेन्द्रियादिसम्बन्धिनश्चेत्प्रतिकूला भवन्ति, तदा सेवान्तरायत्वेन तेषां परित्यागः कर्तव्य इति सेवाप्रकरणे तत्त्वार्थदीपे निरूपितं **'भार्यादिरनुकूलश्चे'**दिति, तेन तत्त्यागे स्वोपयोगाभावात्ते तिरस्कारादिकं कुर्वन्तीति लोके दृश्यते । तथा सति भगवदीयस्य तु तेषु क्रोधादिकरणे बाहिर्मुख्यं सेवाप्रतिबन्धो भवेदिति तत्सर्वं प्रभुसेवार्थं सोढव्यमित्यत्र तत्सहनमुक्तमन्यथा तदभावे दुःखस्यैवाभावात् किं सहनं स्यादिति भावः ॥ ६ ॥

અહીં એમ સમજવું જોઈએ કે, જો શરીર સંબંધીઓ ભગવત્સેવામાં પ્રતિકૂલ થાય તો તેઓ સેવામાં વિધ્ન ઉત્પન્ન કરે છે, અતઃ તેમનો પરિત્યાગ કરવો જોઈએ. આજ વાત તત્ત્વાર્થદીપનિબંધના સેવાપ્રકરણમાં **'જો ભાર્યા વગેરે અનુકૂળ હોય તો તેમનાથી ભગવત્ ક્રિયા કરાવવી જોઈએ, પ્રતિકૂલ હોય તો ગૃહત્યાગ કરવો જોઈએ** (સર્વ-૨૩૩)' આ શ્લોક દ્વારા કહેલ છે. અને જો એમનો ત્યાગ કરવામાં આવે તો કેમકે ભક્ત એમના ઉપયોગનો નથી રહેતો તેથી તેઓ એનો તિરસ્કાર કરે છે, એમ લોકમાં જણાય છે. આવા ભગવદીય જો તેમના પર ક્રોધ વગેરે કરે તો બહિર્મુખતા અને સેવામાં પ્રતિબંધ થાય છે. તેથી પ્રભુસેવાને સારી રીતે નિભાવવા માટે તે બધાને સહન કરી લેવા જોઈએ. અહીં એ બધાને ભગવત્સેવા માટે સહન કરવાનું કહ્યું છે, નહિ તો જો ભગવત્ સેવા જ નહિ કરીએ તો કોઈ વાતનું દુઃખ જ નહિ થાય, અને જો કોઈ દુઃખ જ નહિ થાય તો શું સહન કરશું ? એમ ભાવ છે ॥ ૬ ॥

ननु तिरस्कारादिना ते चेद् दुःखं न प्रयच्छेयुस्तदापि किं तेषां त्याग एव कर्तव्य इति चेत्तत्राहुः **प्रतीकार** इति ।

प्रतिकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ।
भार्यादीनां तथान्येषामसतश्चाक्रमं सहेत् ॥ ७ ॥

भगवदिच्छया **प्रतीकारः** सिद्धश्चेद्भार्यादयो ह्यनुकूला उदासीना वा भवेयुस्तदा तत्त्यागे आग्रहवान् न भवेत्किन्तु अनुकूलत्वे भार्यादिभिरपि सेवां कारयेदुदासीनत्वे स्वयं कुर्यात् । परन्तु तेषां तथापि योगक्षेममात्रं कर्तव्यं न तु त्यागः । प्रतिकूलत्वे त्याग एव कर्तव्य इत्याशयेनोक्तं **नाग्रही भवेत्** । प्रतिकूलत्वाभावेपि सर्वथा त्याग एव कर्तव्य इत्याग्रहवान् न भवेत् । हठेन त्यागकरणे समीचीनानामपि भार्यादीनां क्रोधावेशेन स्वस्मिन्द्वेषकर्त्तृत्वं संभवतीति तेन सेवाप्रतिबन्धकः स्वयमेव भवतीति तन्न कर्तव्यमितिभावः ।

હવે એમ પ્રશ્ન થાય કે જો દેહસંબંધીઓ તિરસ્કાર વગેરે દ્વારા દુઃખ ન આપતા હોય, તો શું ત્યારે પણ એમનો ત્યાગ જ કરવો જોઈએ ? તો શ્રીઆચાર્યચરણો એનું સમાધાન **'પ્રતીકારઃ'** વગેરે શબ્દોથી કરી રહ્યાં છે.

અહીં એમ સમજવું જોઈએ કે જો ભગવદિચ્છા થી તે પરિવારજનો દ્વારા અપાતા દુઃખનો પ્રતીકાર થઈ જતો હોય તો *(પ્રતીકારનો સામાન્ય અર્થ છે- દુઃખો સામે લડવાની શક્તિ. ટીકાકાર કહી રહ્યા છે કે, જો ભગવાનની ઈચ્છાથી જ તે દુઃખોનો પ્રતીકાર પોતાની રીતે થઈ જતો હોય તો પરિવારજનોનો ત્યાગ કરવો જરૂરી નથી)* પછી ભલેને ભાર્યા વગેરે ભગવત્ સેવામાં અનુકૂળ હોય કે ઉદાસીન રહે, ત્યારે એમના ત્યાગનો આગ્રહ ન રાખવો જોઈએ. પણ તેઓ જો અનુકૂળ હોય તો તેમનાથી ભગવત્સેવા કરાવવી જોઈએ અને તેઓ જો ઉદાસીન હોય તો સ્વયં કરી લેવી જોઈએ, તેમ છતાં પણ તેમના યોગક્ષેમનો નિર્વાહ તો કરવો જ જોઈએ, તેમનો ત્યાગ નહિ. અને જો તેઓ ભગવત્સેવામાં પ્રતિકૂળ હોય તો તેમનો ત્યાગ જ કરવો જોઈએ, એ આશયથી અહીં **'નાગ્રહી ભવેત્'** કહ્યું છે, જેનો અર્થ એ છે કે, પરિવારજન સેવામાં પ્રતિકૂલ થતાં હોય તો પણ તેમનો ત્યાગ ન કરવો એમ આગ્રહી ન થવું જોઈએ અને જો તેઓ પ્રતિકૂળ ન થતાં હોય, તો પણ સર્વથા એમનો ત્યાગ જ કરવો એમ આગ્રહી પણ ન થવું જોઈએ. કેમકે જો હઠપૂર્વક

તેમનો ત્યાગ જ કરી દેવામાં આવે તો સારા સજ્જન-પત્ની-પુત્ર વગેરે પણ ક્રોધાવેશથી આપણા પ્રત્યે દ્વેષની ભાવના રાખશે અને આપણે પોતે જ ભગવત્ સેવામાં પ્રતિબંધના કારણ બની જઈશું, તેથી તેમનો ત્યાગ ન કરવો જોઈએ.

भौतिकदुःखप्रतीकारे परमियं व्यवस्था । आध्यात्मिकदुःखप्रतीकारेपि व्यवस्थोच्यते । सकलेन्द्रियाणां स्वस्वविषयभोग्यवस्तुत्यागे दुःखं भवति । तद्भगवदिच्छया स्वभोगार्थं तेषु पुरैव प्रवृत्तिरेव न भवेत् चेत्तदा तज्जनितसेवान्तरायाभावात्तत्त्यागे आग्रहवान् न भवेत् । यतस्तादृशस्य स्रक्चन्दनादिसकलभोगसामग्री स्वप्रभुनिमित्तत्वेनावश्यमपेक्षितेति तदुपयोगे जाते तद्दत्तमहाप्रसादत्वेन स्वसौभाग्यरूपत्वेन तदुपभोगकरणे बाह्याभ्यन्तरशुद्ध्या भगवद्धर्माविष्टत्वं भवतीति न तत्त्यागः । एवं सति विषयभोगार्थं सर्वस्यापि त्यागस्तदभावे तस्यालौकिकत्वे फलमध्यपातित्वान्न तत्त्याग इति सूचितम् ।

આ ભૌતિક દુઃખોથી લડવાની વ્યવસ્થા છે. હવે આધ્યાત્મિક દુઃખોના પ્રતીકારની વ્યવસ્થા પણ કહી રહ્યાં છે. સમસ્ત ઈન્દ્રિયોને પોત-પોતાના ભોગ્ય વિષયક વસ્તુઓનો ત્યાગ થવાથી દુઃખ થાય છે. પણ જો ભગવદિચ્છાથી તે ઈન્દ્રિયોની પહેલેથી જ વિષયભોગોમાં પ્રવૃત્તિ જ ન હોય તો તે ભગવત્ સેવામાં વિઘ્ન ઉત્પન્ન નથી કરતી તેથી તેવી ઈન્દ્રિયોના કાર્યોનો ત્યાગ કરવામાં આગ્રહી ન થવું જોઈએ. કેમકે આવા તાદશી જીવ માટે ઈન્દ્રિયો ની પ્રવૃત્તિ વિષયભોગો માં ન થઈ ભગવાનમાં જ હોય છે. તેને માળા, ચંદન વગેરે સમસ્ત ભોગ-સામગ્રી પોતાના પ્રભુ માટે જરૂરથી જ અપેક્ષિત હોય છે અને તે વસ્તુઓનો પ્રભુમાં વિનિયોગ થઈ જતાં તે તેમને પ્રભુ દ્વારા આપેલી પ્રસાદીરૂપ માનીને પોતાનું સૌભાગ્ય માનીને તેમનો ઉપભોગ કરે છે. આ પ્રકારે બાહ્ય અને આંતરશુદ્ધિ વડે તે ભગવદ્ ધર્મોમાં ઓતપ્રોત થઈ જાય છે તેથી આવી ઈન્દ્રિયોના વિષયભોગ કે તે માટેની વસ્તુઓનો ત્યાગ ન કરવો જોઈએ. આ પ્રકારે એ નક્કી થયું કે વિષયભોગના અર્થમાં તો બધાનો ત્યાગ છે પણ પ્રવૃત્તિ જો વિષયભોગમાં ન થઈને સ્વયં ભગવાનમાં થાય તો તે અલૌકિક હોવાને કારણે અને ફલમધ્યપાતી *(અર્થાત્ તે મુખ્યફળના અંતર્ગત જ)* હોવાને કારણે તેમનો ત્યાગ નથી, એમ અહીં કહેવામાં આવ્યું છે.

इदमेवोक्तं सेवाफले, ‘**अलौकिकभोगस्त्वि**’त्यादि, आधिदैविकदुःखप्रतीकारव्यवस्थामाहुः । प्रारब्धभोगानन्तरं परीक्षानन्तरं वा भगवान् कृपया सेवोपयोगि धनादिकं दातुमिच्छेच्चेत्तदा साक्षात्परम्परया च तदिच्छया स्वप्रयत्नं विनैव तत्प्राप्तं भवति, तदपि निरुपधिकं विहितं शुद्धं चेद् भवेत्तदा तत्त्यागे आग्रहो न कर्तव्यः । जन्मान्तरे प्रतिबन्धाभावार्थं मम प्रारब्धादिभोग एव भवतीति, प्रारब्धस्यापि तदधीनत्वात् । किन्तु भगवता स्वोपभोगार्थमेवेदं दत्तमिति मत्वा सर्वं भगवदर्थमेवोपयोक्तव्यं न तु स्वार्थमिति भावः । तथा चोक्तमपि, ‘**निजेच्छातः करिष्यती**’ त्यत्र स्वीयानामविकृतेच्छात इति । सिद्धान्तमुक्तावल्यामपि ‘**भजनोपयोग्यर्थापेक्षायामपि प्रभुणैव सर्वं सम्पाद्यत** इति, तथा ‘**कृष्णं परं ब्रह्मे**’त्यस्य विवरणे । एवं सामान्यत आधिभौतिकादिदुःखसहनमुद्देशत उक्तम् ।

આ જ સેવાફલગ્રંથમાં **‘અલૌકિક ભોગ ત્યાજ્ય નથી’** તે વાક્ય દ્વારા કહ્યું છે, હવે આધિદૈવિક દુઃખોનો પ્રતીકાર કરવાની વ્યવસ્થા કહેવામાં આવી રહી છે. જ્યારે ભગવાન પ્રારબ્ધનો ભોગ કરાવ્યા પછી અથવા પરીક્ષા કર્યા પછી કૃપા દ્વારા ભગવત્ સેવામાં ઉપયોગી ધન વગેરે આપવાની ઈચ્છા કરે છે ત્યારે સાક્ષાત્ રૂપથી અથવા પરંપરાથી ભગવાનની જ ઈચ્છાથી અને આપણા પ્રયત્નો વગર જ આપણને તેની પ્રાપ્તિ થાય છે. તે ધન વગેરે પણ જો નિરુપધિક હોય *(અર્થાત્ જો ધન સ્વયં માટે માંગેલું ન હોય, એવું)* શાસ્ત્રને અનુસાર હોય અને શુદ્ધ હોય, તો તે ધનનો ત્યાગ કરવાનો આગ્રહ પણ ન રાખવો જોઈએ. દુઃખ આવે ત્યારે એ વિચાર કરવો જોઈએ કે, બીજા જન્મમાં મારે પ્રારબ્ધનો ભોગ ન કરવો પડે એ કારણથી આ જન્મમાં જ ભગવાન મને પ્રારબ્ધનો ભોગ કરાવી રહ્યા છે કેમકે પ્રારબ્ધ પણ ભગવાનને આધીન છે. તેથી જ્યારે ભગવાન ધન વગેરે આપે, ત્યારે એ વિચાર કરવો જોઈએ કે ભગવાને આ ધન મને તેઓના ઉપભોગ માટે જ આપ્યું છે, તેથી બધું જ ભગવાન માટે જ ઉપયોગમાં લાવવું જોઈએ, સ્વાર્થવૃત્તિ ન રાખવી જોઈએ, એમ ભાવ છે. આ જ વાત નવરત્નગ્રંથના **‘ભગવાન નિજજનોની ઈચ્છાથી બધું જ કરશે** (૨)’ આ શ્લોકના વિવરણમાં શ્રીપ્રભુચરણોએ **‘સ્વીયજનોની ઈચ્છા અવિકૃત હોવી જરૂરી છે’** તે વાક્ય દ્વારા કહી છે. *(પ્રભુચરણોએ આ શ્લોકના વિવરણમાં એમ કહ્યું છે કે* ***‘નિજેચ્છાતઃ***

કરિષ્યતિ'. *આનો અર્થ એમ પણ થઈ શકે છે કે ભગવાન નિજજનોની ઈચ્છા અનુસાર બધું જ કરે છે પણ એનો અર્થ એ નથી કે ભક્ત મનફાવે તેવી ઈચ્છા કરી લે અને ભગવાન તેવું જ કરી દેશે, તેથી જ ઈચ્છા પણ અવિકૃત હોવી જરૂરી છે અર્થાત્ તે ઈચ્છામાં કોઈ વિકાર ન હોવો જોઈએ. જે ઈચ્છામાં ધર્મ-અધર્મ, યુક્ત -અયુક્ત એવં ભગવત્ સુખનો વિચાર હોય તે જ અવિકૃત ઈચ્છા છે)* આજ સિદ્ધાન્તમુક્તાવલીના '**કૃષ્ણં પરં બ્રહ્મ** (૩)' શ્લોકના વિવરણમાં કહ્યું છે કે ભગવદ્ ભજનમાં ઉપયોગી ધનની ઈચ્છા હોય તો પણ પ્રભુ જ એને સંપાદિત કરે છે. આ પ્રકારે સામાન્યતયા આધિભૌતિક વગેરે દુઃખને સહન કરવાનો હેતુ કહેવામાં આવ્યો.

अतः परं देहादिसम्बन्धिनः क इत्याकाङ्क्षायां प्रथमं देहसम्बन्धिनो विशेषत आहुः **भार्यादीनामि**ति । भार्यादयो भरणपोषणयोग्यास्ते देहसम्बन्धिषु स्वसमानास्तेषां भरणपोषणमेवापेक्षितं न तु धर्मः, भरणपोषणं नाम सर्ववस्तुनो देहादिपर्यन्तस्य स्वविषयको विनियोगस्तदकरणे तेतिक्रमं कुर्वन्ति, तदा तत्सर्वं सहनमेव कुर्यान्नतु क्रोधादि, तत्करणे तदावेशेन सेवान्तरायो बाहिर्मुख्यं स्यादिति। **तथान्येषां** बान्धवानां मित्रादीनामुदासीनानां बहिर्मुखानां च पूर्वसामयिकनित्य-मिलनव्यवहाराद्यकरणेनेर्ष्यया तेप्यतिक्रमं कुर्वन्ति, तस्यापि सहनमेव कर्तव्यम् । अथवा भक्तत्वेपि बान्धवानां बन्धुत्वस्वभावाद् विभागादिजनितद्वेषेणापि अतिक्रमः सम्भवति ।

આના પછી 'દેહ વગેરે ના સંબંધી કોણ છે' એ પ્રશ્નના ઉત્તરમાં સર્વપ્રથમ દેહસંબંધિઓને વિશેષરૂપથી **'ભાર્યાદીનાં'** વગેરે શબ્દોથી કહી રહ્યાં છે. જે ભરણપોષણ કરવા યોગ્ય છે, તેઓ ભાર્યા વગેરે છે. દેહ-સંબંધિઓમાં આ બધા આપણા જેવા જ છે. તેમને આપણી પાસે ભરણપોષણની જ અપેક્ષા હોય છે, ધર્મની નહિ. ભરણપોષણનો અર્થ છે, શરીર વગેરે સમસ્ત વસ્તુઓનો તેમનામાં વિનિયોગ કરવો. જો આપણે તેમ નથી કરતા તો તેઓ આપણું અતિક્રમણ (વિરોધ) કરે છે. આવી પરિસ્થિતિમાં તે બધાનાં અતિક્રમણને સહન જ કરી લેવું જોઈએ, તેમના પર ક્રોધ ન કરવો જોઈએ. જો ક્રોધ કરશું તો ક્રોધાવેશથી સેવામાં વિઘ્ન ઉત્પન્ન થશે અને બહિર્મુખતા થશે. **તથાન્યેષાં** શબ્દથી તાત્પર્ય એ છે કે બંધુબાંધવ, મિત્ર અને ભગવદ્ ધર્મો માં ઉદાસીન વગેરે પણ હવે પહેલાંની જેમ નિત્ય મળવું, વ્યવહાર વગેરે ન કરવાને કારણે ઈર્ષ્યાથી આપણું અતિક્રમણ કરે છે, તેમને પણ સહન જ કરવા જોઈએ. અથવા જો બંધુ-બાંધવ ભલેને ભગવદ્ ભક્ત હોય અને ભગવદ્ ધર્મોમાં રૂચિ પણ રાખતા હોય પરંતુ સ્વભાવવશ સંપત્તિની વહેંચણીમાં દ્વેષથી અતિક્રમણ કરી શકે છે, પણ તેમને પણ સહન કરવા જોઈએ.

अथ च, **असतश्च** स्वदासतोपि, यथा भार्यापुत्रादयो देहसम्बन्धिनस्तथा दासो धनसम्बन्धी पोष्येष्वन्तर्भवति, तेषां सङ्गेन सोपि चेदतिक्रमं कुर्यात्तदपि (दुःखं) सह्यमेवेत्यर्थः । एते तु प्रतिकूला धर्मविरोधिन उक्ताः । चकारात् स्वधर्मानुरोधिनः शिष्यभक्तादयोपि ज्ञेयाः । प्रमादतो जीवस्वभावात् शिष्योप्यतिक्रमं चेत्करोति, भक्तोपि तदा स्वप्रारब्धादिभोग एवायमिति भावनया धैर्येण तद्दुःखसहनमेव कर्तव्यं, न तु क्रोधादि । क्रोधादिकरणे तु आसुरावेशेन सेवाप्रतिबन्धो बाहिर्मुख्यश्च स्यात् । किञ्च, शिष्यभक्तयोरपि प्रभुसम्बन्धो वर्तते स्वकृत एव, पुनस्तत्र क्रोधकरणे तदनिष्टं कृतं भवेत्, न हि भगवदीयानामयं स्वभावो यत् (स्वकीयानां) स्वाङ्गीकृतानामनिष्टं कुर्वन्ति इति तत्सहनमेव कर्तव्यमिति भावः।

અને **'અસતશ્ચ'** શબ્દનો અર્થ એ છે કે, જો નોકર પણ અતિક્રમણ કરે તો તેને પણ સહન કરવું જોઈએ. જેવી રીતે પત્ની, પુત્ર વગેરે આપણા દેહથી સંબંધિત હોય છે તેવી રીતે નોકર આપણા ધનથી સંબંધિત હોય છે તેથી તે પણ આપણા દ્વારા પોષ્ય જ છે. પરિવારજનોની સાથે જો નોકર પણ આપણું અતિક્રમણ કરે તો તે દુઃખને પણ સહન જ કરી લેવું જોઈએ, તેમ અર્થ છે. આ બધાંને પ્રતિકૂળ અને ધર્મવિરોધી કહેલા છે. મૂળ કારિકામાં આવેલા **'ચ'** શબ્દથી દુઃખોને સહન કરવામાં સ્વધર્માનુરોધી શિષ્યગણ *(એટલે એવા શિષ્યગણ જે આપણા ભગવદ્ ધર્મને અનુકૂળ હોય)* અને ભક્તગણોને પણ ગણી લેવા જોઈએ અર્થાત્ જો તેઓ પણ આપણું અતિક્રમણ કરે તો તેને પણ સહન કરી લેવું જોઈએ. જો પ્રમાદવશ અથવા જીવસ્વભાવવશ શિષ્ય પણ અતિક્રમણ કરે અથવા કોઈ ભક્ત એમ કરે તો 'મારો પ્રારબ્ધભોગ આ જ છે' એવી ભાવનાથી ધૈર્યપૂર્વક તે દુઃખ

સહન કરી લેવું જોઈએ, તેમના પર ક્રોધ વગેરે ન કરવા જોઈએ. ક્રોધ કરવાથી આસુરાવેશથી સેવામાં પ્રતિબંધ અને બહિર્મુખતા થાય છે. અને, એ પણ જાણી લો કે, શિષ્ય અને ભકતનો પ્રભુસંબંધ પણ આપણા દ્વારા જ કરવામાં આવેલો છે, વળી તેમના પર ક્રોધ કરવાથી તેમનું અનિષ્ટ કરવા બરોબર થઈ જશે અને ભગવદીયોનો એ સ્વભાવ નથી હોતો કે તેઓ સ્વકીયોનું અને ભગવાન દ્વારા અંગીકૃત જીવોનું અનિષ્ટ કરે, તેથી તેમને સહન જ કરવા જોઈએ, તેમ ભાવ છે. ॥ ૭ ॥

एवं सेवाप्रतिबन्धकत्वेन भार्यादीनां त्यागेन तत्कृतातिक्रमसहनं निरूप्य सेवाप्रतिबन्धकत्वेन भोगत्यागेपि तत्तदिन्द्रियजनितस्याध्यात्मिकदुःखस्य सहनमाहुः **स्वयमि**ति ।

स्वयमिन्द्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् ।
अशूरेणापि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात् ॥ ८ ॥

स्वयं स्वभोगार्थं **इन्द्रियकार्याणि त्यजेत्** सेवायां प्रतिबन्धकत्वात् । तानि च त्रिधा, क्वचित् कायिकानि, क्वचिद्वाचिकानि, क्वचिन् मानसानि भवन्ति । तत्त्यागकथनेन प्राकृतविषयांस्त्याजयित्वाऽलौकिकेषु तेषु तानि योजनीयानीति भावः । एवं सति यावत्पर्यन्तमलौकिकेषु युक्तानि भवेयुस्तावत्पर्यन्तं तत्त्यागजनितदुःखं भवतीति तत्सहनमुक्तमिति ज्ञेयम् ।

આ પ્રકારે ભગવત્ સેવામા પ્રતિબંધક રૂપ પત્ની વગેરેનો ત્યાગ તેમજ તેમના અતિક્રમણ ને સહન કરવું વગેરે વસ્તુઓનું નિરૂપણ કરીને હવે આચાર્યચરણો સેવામાં પ્રતિબંધકરૂપ ભોગનો ત્યાગ કરવાનું કહી રહ્યાં છે તેમજ તે-તે ઈન્દ્રિયોથી ઉત્પન્ન આધ્યાત્મિક દુઃખને સહન કરવું **‘સ્વયમ્’** વગેરે શબ્દોથી કહી રહ્યાં છે.

ઈન્દ્રિયોનાં કાર્ય સ્વયંના ઉપભોગ માટે હોય છે અને તેથી તે સેવામાં પ્રતિબંધક હોય છે, તે કારણે તે કાર્યોનો ત્યાગ કરી દેવો જોઈએ. ઈન્દ્રિયોનાં કાર્ય ત્રણ પ્રકારનાં હોય છે- કોઈ શરીરના કાર્ય, કોઈ વાણીનાં કાર્ય તો કોઈ મનનાં કાર્ય. એમનો ત્યાગ કહેવાનું તાત્પર્ય એ છે કે, તે ઈન્દ્રિયોને પ્રાકૃતવિષયોથી ત્યાગ કરાવી અલૌકિક કાર્યોમાં જોડી દેવા જોઈએ, એમ ભાવ છે. આમ કરવાથી જ્યાં સુધી તે ઈન્દ્રિયો અથવા તેમનાં કાર્યો અલૌકિક કાર્યોમાં જોડાઈ નથી જતાં ત્યાં સુધી જ તેમનો ત્યાગ કરવામાં દુઃખ થાય છે, પછી નહિ. તેથી આ દુઃખને સહન કરી લેવું જોઈએ, એમ જાણવું જોઈએ.

एवमाध्यात्मिकं निरूप्याधिदैविकं तदाहुर**शूरेणापी**ति । प्रारब्धभोगार्थं परीक्षार्थं वा विलम्बकरणे स्वापेक्षितवस्तुप्राप्त्यभावात्तद्दुःखं सोढुं यद्यप्यशूरो धैर्यरहितः, यथा दरिद्रः प्रात्यह्निकभक्ष्याभावे, तथाप्यशूरेणापि तद्धैर्यं कर्तव्यम्। तत्र हेतुः, **स्वस्ये**ति । स्वस्यासामर्थ्यं भावनीयं, पूर्वोक्तदुःखसहने स्वप्रयत्नोप्युक्तः। भगवत्कृतविलम्बे प्रयत्न एव न, तत्करणेपि विघ्नः प्रभुकृतो भवेदिति, स्वप्रयत्न-साध्यत्वाभावात् । स्वस्यासामर्थ्यभावनया **‘तथैव तस्य लीलेत्य’**नुसन्धानेन धैर्यमेव कर्तव्यमितिभावः ।

આ પ્રકારે આધ્યાત્મિક દુઃખનું નિરૂપણ કરીને હવે **‘અશૂરેણાપિ’** વગેરે શબ્દોથી આધિદૈવિક દુઃખનું નિરૂપણ કરી રહ્યાં છે. પ્રારબ્ધભોગને કારણે અથવા પ્રભુ દ્વારા પરીક્ષા કરવાને કારણે જ્યારે ફલદાનમાં વિલંબ થાય છે ત્યારે મનગમતી વસ્તુ પ્રાપ્ત ન થવાથી દુઃખ થાય છે પરંતુ તેને સહન કરવું જોઈએ. જો કે નિર્બળ વ્યક્તિ અશૂર ધૈર્યરહિત થાય છે અને તેનામાં સહનશીલતા નથી હોતી પરંતુ જેમ એક દરિદ્ર પ્રતિદિન ભોજન ન મળતાં પણ ધૈર્ય રાખે જ છે, તેમ નિર્બળ હોવા છતાં પણ તે દરિદ્રની જેમ ધૈર્ય રાખવું જોઈએ. આવું દુઃખ સહન કરવાની શું જરૂર છે ? તે શ્રીઆચાર્યચરણો **‘સ્વસ્ય’** વગેરે શબ્દોથી સમજાવી રહ્યાં છે. એનું તાત્પર્ય એ છે કે એવા દુઃખની ઘડીમાં પોતાના અસામર્થ્યની ભાવના કરવી જોઈએ કેમકે ઉપર જે દુઃખ બતાવ્યાં છે, તેમને સહન કરવાના વિષયમાં તો એ કહ્યું જ હતું કે આપણે પ્રયત્નપૂર્વક એ દુઃખોને સહન કરવાં જોઈએ પરંતુ ભગવાન જ્યારે વિલંબ કરે છે ત્યારે તો કોઈ પ્રયત્ન જ ન કરવો જોઈએ. કેમકે જો પ્રયત્ન કરશું તો પ્રભુ દ્વારા વિઘ્ન કરવામાં આવશે કેમકે ભગવત્ કૃપા વગર આપણા પ્રયત્નોથી કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. આથી પોતાની અસમર્થતાની ભાવના કરતાં નવરત્નગ્રંથમાં કહેલ

‘આ બધું જ ભગવાનની લીલા છે, તેમ જાણીને ચિંતા શીઘ્ર છોડી દેવી જોઈએ (૮)’ આ શ્લોકનું અનુસંધાન રાખતાં ધૈર્યપૂર્વક જ રહેવું જોઈએ, તેમ ભાવ છે. ॥ ૮ ॥

ननु स्वशक्यमपि पूर्वोक्तदुःखसहनमशक्यं कुतस्तरां यत्र स्वस्य सामर्थ्यमेव नास्ति तत्सहनमिति किमर्थमशक्योपदेश इत्यत आहुर**शक्य** इति।

अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत् ।

एतत्सहनमत्रोक्तम्,

सेवायां प्रवृत्तस्य विवेकधैर्यादिस्थितौ चेदशक्तिर्भवेत्तदा **हरिरेव शरणमस्ति नान्य** इति मनसि भावनीयम् । विवेकधैर्यादिप्रयत्नकरणेपि चेदशक्तिस्तदा तदर्थं प्रभुशरणगमने दयया स एव सर्वं सम्पादयिष्यतीति भावः । यतः स हरिः सर्वदुःखहर्ता, तदेवाहुः **सर्वमाश्रयत** इति । आश्रये कृते सर्वं सेत्स्यति। अशक्यमपि शक्यं भवेत् । विवेकोपि भविष्यति, धैर्यमपि भविष्यतीति भावः।

પણ અહીં એમ શંકા થાય છે કે, જ્યાં સામર્થ્ય હોય તો પણ ઉપર કહેલ દુઃખો સહન કરવા અશક્ય જ છે, ત્યાં આપણાં માં તો સામર્થ્ય જ નથી તો આ દુઃખોને સહન કેવી રીતે કરી શકાય ? તેથી આ બધા ઉપદેશ અસંભવ છે. જો આવી આશંકા થાય તો તેનું સમાધાન શ્રીઆચાર્યચરણો **‘અશક્ય’** વગેરે શબ્દો દ્વારા કરી રહ્યાં છે.

જો જીવ ભગવત્ સેવામાં પ્રવૃત્ત થાય છે અને જો તે વિવેક-ધૈર્યથી રહેવામાં અશક્ત હોય, તો તેણે મનમાં **‘હરિ જ મારું શરણ છે, બીજું કોઈ નહિ’** આ પ્રકારે ભાવના કરવી જોઈએ. જીવ વિવેક-ધૈર્ય વગેરેના આચરણનો પ્રયત્ન કરવા છતાં પણ જો અશક્ત જ રહે, તો પ્રભુની શરણમાં જવાથી તેઓ જ દયાપૂર્વક બધું જ સંપાદિત કરશે, તેમ અર્થ છે. કેમકે તેઓ **હરિ** છે અર્થાત્ સમસ્ત દુઃખોને હરવાવાળા છે, આજ વાત **‘સર્વમાશ્રયતઃ’** વગેરે શબ્દોથી કહી છે. ભગવાનનો આશ્રય કરતાં બધું જ સિદ્ધ થઈ જશે. અસંભવ પણ સંભવ થઈ જશે. વિવેક પણ સિદ્ધ થઈ જશે અને ધૈર્ય પણ, એમ અર્થ છે.

यद्वा, तस्मिन्कृते **सर्वं स्वशक्यं** सर्वथा यदशक्यं च तत्सर्वं **भवेदन्यथा** तदभावे स्वशक्यमपि न भवेदित्यर्थः । किञ्च, प्रयत्नकरणेपि तदेव सिद्ध्येन्नत्वन्यत्। निःसाधनत्वेन शरणागतौ तत्कृपया सर्वं युगपदेव सिद्ध्येदित्यपि ज्ञापितम् । अनेन सर्वसिद्ध्यर्थमाश्रय एव कर्तव्यो नान्यत् किञ्चिदिति निश्चितम् । एतदेवोक्तं कृष्णाश्रये **‘विवेकधैर्यभक्त्यादिरहतिस्ये’** ति। एवं धैर्यलक्षणमुक्त्वोपसंहरन्ति **एतद**िति। अत्र भक्तिमार्गे पूर्वोक्तप्रकारेणोक्तं सहनस्वरूपमेतत् ।

અથવા, એમ સમજો કે તેમનો આશ્રય કરવાથી આપણા માટે તે બધું સંભવ થઈ શકે છે, જે અસંભવ છે. નહિ તો જો તેમનો આશ્રય ન હોય તો આપણા દ્વારા સંભવ વસ્તુ પણ સિદ્ધ નથી થઈ શકતી, એમ અર્થ છે. તેમજ, જીવ વડે પ્રયત્ન કરવા છતાં પણ કાર્ય તો પ્રભુ જ સિદ્ધ કરે છે, અન્ય કોઈ બીજું નહિ. નિઃસાધન થઈને ભગવાનની શરણાગતિ કરતાં ભગવત્ કૃપાથી તે જ ક્ષણે બધું જ સિદ્ધ થઈ જશે, તે પણ કહી રહ્યાં છે. એનાથી એમ જણાય છે કે સમસ્ત કાર્યોની સિદ્ધિ માટે ભગવદ્ આશ્રય જ કરવો જોઈએ, અન્ય કંઈ નહિ, એ નિશ્ચિત થયું. આ જ વાત કૃષ્ણાશ્રય ગ્રંથમાં **‘વિવેક-ધૈર્ય-ભક્તિ વગેરેથી રહિત હોવા છતાં પણ કૃષ્ણ જ મારો આશ્રય હો** (૯)’ આ શ્લોક દ્વારા કહેલી છે. આ પ્રકારે ધૈર્યનું લક્ષણ કહીને હવે તેનો ઉપસંહાર (સમાપ્તિ) **‘એતદ્’** વગેરે શબ્દોથી કરી રહ્યાં છે જેમનો અર્થ એ છે કે, આ ભક્તિમાર્ગમાં ઉપર કહેલાં દુઃખોને સહન કરવું જ ધૈર્ય છે.

अतः परमाश्रयो निरूप्यते।

आश्रयोतो निरूप्यते ॥ ९ ।

नितरां विशेषेण रूप्यते स्वरूपतः कथ्यत इत्यर्थः । यद्वा, यत एतद्विवेकादिकं सर्वमाश्रयं विना अशक्यमत आश्रयो निरूप्यते ।

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।

यस्मिन्कृते सर्वं भवतीति प्रथमं समुदायेनाश्रयस्वरूपमाहु**रैहिक** इति ।

भक्तिमार्गाङ्गीकृतस्य सेवायां प्रवृत्तस्य प्रभुसेवाव्यतिरिक्तकर्मकरणस्यास्वधर्मत्वेनैवैहिकपारलौकिकसाधनकरणाभावात् सेवायामप्यन्तरायबाहुल्येन तथात्वाभावाच्च तदुभयमपि कथं सेत्स्यतीति तत्सिद्ध्यर्थं शरणमेव सर्वात्मना भावनीयं न तु सेवां विहाय किञ्चित्साधनान्तरं कार्यम् । शरणगतौ प्रभुः स्वयमेव सम्पादयिष्यति । यतो हरिः सर्वदुःखहर्त्ता, स्वकीयानां निरूपधिभगवत्सम्बन्ध्यपेक्षिताभावजनितदुःखं हरिष्यत्येवेति भावः ।

આના પછી હવે **'આશ્રય'** નું નિરૂપણ કરવામાં આવી રહ્યું છે. **'આશ્રયતો નિરૂપ્યતે'** પદનો અર્થ એ છે કે, હવે આશ્રયને વિશેષરૂપે સ્પષ્ટ કરી રહ્યાં છે. અર્થાત્ એનું સ્વરૂપ કહી રહ્યાં છે. અથવા, કેમકે વિવેક વગેરે બધાં જ ગુણો ભગવદ્ આશ્રય વગર સિદ્ધ થવા અસંભવ છે તેથી હવે **'આશ્રય'** નું નિરૂપણ કરવામાં આવી રહ્યું છે.

આશ્રય કરતાં બધું જ સિદ્ધ થઈ જાય છે. તેથી સર્વપ્રથમ સમુદાય દ્વારા; *(અહીં સમુદાયનો અર્થ 'ઐહિક અને પારલૌકિક' નો સમુદાય તેમ છે; એટલે કે આ બંને પરિસ્થિતિઓમાં કેવી રીતે આશ્રય રાખવો જોઈએ, આ ટીકાકાર બતાવી રહ્યા છે)* આશ્રયનું સ્વરૂપ **'ઐહિક'** વગેરે શબ્દોથી કહી રહ્યાં છે. ભક્તિમાર્ગમાં અંગીકૃત જીવ જ્યારે ભગવત્ સેવામાં પ્રવૃત્ત થાય છે ત્યારે પ્રભુસેવા સિવાય બીજા કોઈ કર્મોનાં સાધન કરવા તેના માટે અસ્વધર્મ જ છે. તેના માટે ઐહિક-પારલૌકિક કાર્યો માટે સાધન કરવાનો કોઈ અવકાશ નથી રહેતો. અન્ય સાધનો કરવાથી સેવામાં પણ ઘણાં બધાં વિઘ્નો ઉપસ્થિત થઈ જાય છે, તેથી સ્વધર્મનો નિભાવ થઈ શકતો નથી. આવી પરિસ્થિતિમાં વિવેક અને ધૈર્ય પણ કેવી રીતે સિદ્ધ થઈ શકે તેથી આ બન્ને સિદ્ધ કરવા માટે બધી જ રીતે ભગવાનની શરણભાવના જ કરવી જોઈએ, ભગવત્સેવા છોડીને અન્ય બીજા સાધન ન કરવાં જોઈએ. શરણાગત થવાથી પ્રભુ સ્વયં જ બધું જ સંપાદિત કરશે. કેમકે હરિ સમસ્ત દુઃખોને હરવાવાળા છે અને સ્વકીયો ને નિરુપધિ ભગવત્સંબંધી *(અર્થાત્ સ્વાર્થરહિત ભગવત્સંબંધી)* જે વસ્તુ જોઈતી હોય છે, તે પ્રાપ્ત ન થવાથી ઉત્પન્ન થતા દુઃખને હરશે જ, એમ ભાવ છે. *(અર્થાત્ ભગવદ્ ભક્તોને પોતાનો સ્વાર્થ છોડીને ભગવત્ સંબંધી વસ્તુઓની જ કામના થાય છે, અને જો તેમને તે ભગવત્ સંબંધી વસ્તુ પ્રાપ્ત નથી થતી તો તેમને દુઃખ થાય છે. ટીકાકાર કહે છે કે, કેમકે ભગવાન 'હરિ' છે તેથી તેવા દુઃખોને પણ અવશ્ય હરશે જ, તેમ ભાવ છે.)*

एवं समुदायेनाश्रयमुक्त्वा तत्रापि प्रत्येकभेदेन विशेषत आश्रयस्वरूपमाहुर्**दुःखहानावि**ति ।

दुःखहानौ तथा पापे भये कामार्थपूरणे ॥ १० ॥
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥ ११ ॥

भक्तिमार्गीयस्य सेवायां प्रवृत्तस्य पूर्वोक्तदेहेन्द्रियादिसम्बन्ध्याधिभौतिकादिदुःखहानौ धैर्येण तत्कृतचित्तोद्वेगाद्यभावार्थं शरणमेव भावनीयं, तेनैव सर्वं सेत्स्यतीति प्रत्येकं तत्तत्कार्ये भावनीयमित्यर्थः । **तथा पापे** पापनिवारणे पूर्वसामयिके प्रमादाज्जायमाने च, सेवायां भगवद्विषयके देहेन्द्रियादिभगवदपराधादिरूपे च तदेवोक्त **'महं त्वां सर्वपापेभ्य'** इति । न तु तदर्थं प्रायश्चित्तादिकं कर्तव्यं, तत्करणे शरणधर्मो गच्छेदित्यर्थः । तथा **भये** राजचौरादिजनिते, पापादिविषये प्रभ्वपराधविषये च आधिभौतिकादित्रयं सर्वत्र ज्ञेयम्।

આ પ્રકારે ઐહિક તેમજ પારલૌકિક સમુદાય દ્વારા આશ્રયને કહી દીધો પરંતુ હવે એ બંનેના ભેદથી વિશેષરૂપે આશ્રયનું સ્વરૂપ **'દુઃખહાનૌ'** વગેરે શબ્દોથી કહી રહ્યા છે. *(અર્થાત્ ટીકાકાર એમ કહેવા માગે છે કે, અત્યાર સુધી તો આશ્રયનું સ્વરૂપ ઐહિક અને પારલૌકિક બંને અર્થોમાં મિશ્રરૂપે કહ્યું છે પણ હવે અહીંથી આજ આશ્રયના સ્વરૂપને આ બંને અર્થોમાં એક એક કરીને કહેવામાં આવી રહ્યું છે).*

ભગવત્ સેવામાં પ્રવૃત્ત થવાવાળા ભક્તિમાર્ગીયને ઉપર કહેલ દેહ-ઈન્દ્રિય વગેરેથી સંબંધિત આધિભૌતિક વગેરે દુઃખોને દૂર કરવા માટે અને તે દુઃખથી ચિત્તમાં થયેલા ઉદ્વેગ-વગેરેને દૂર કરવા માટે ધૈર્યપૂર્વક ભગવાનની જ શરણભાવના કરવી જોઈએ. આનાથી બધું જ સિદ્ધ થઈ જશે, તેથી 'દેહ-ઈન્દ્રિયના પ્રત્યેક કાર્યો ભગવાન માટે કરી

રહ્યાં છીએ’ એવી ભાવના કરવી જોઈએ, તેમ અર્થ છે. આ પ્રકારે પાપનું નિવારણ કરવા માટે અને ભગવાનની શરણાગતિ કરતાં પહેલાં પ્રમાદવશ ઉત્પન્ન થયેલા પાપનું નિવારણ કરવા માટે અને સેવામાં થવાવાળા ભગવદ્ વિષયક અને દેહ ઈન્દ્રિયોથી થવાવાળા ભગવદ્ અપરાધનું નિવારણ કરવા માટે જ ભગવાને ‘**હું તને સમસ્ત પાપોથી મુક્ત કરી દઈશ** (ભ.ગી. ૧૮-૬૬)’ આ વાક્ય કહેલું છે. આ અપરાધોના નિવારણ માટે અન્ય કોઈ બીજું પ્રાયશ્ચિત્ત ન કરવું જોઈએ, આવું કરવાથી શરણધર્મનોજ ભંગ થઈ જાય છે. આ જ પ્રકારે **‘ભયે’** શબ્દનું તાત્પર્ય એ છે કે કોઈ રાજા અથવા ચોરોનો ભય થતાં પણ શરણભાવના જ કરવી જોઈએ. પોતાના દ્વારા કરેલાં પાપ એવં ભગવદ્ અપરાધના વિષયોમાં સર્વત્ર આધિભૌતિક વગેરે ત્રણ પ્રકારો છે, એ જાણી લેવું જોઈએ.

कामार्थपूरणे इति । कामानामभिलाषाणां येर्थाः पदार्थाः, ऐहिका भगवत्सम्बन्धिनश्च । तत्राप्यैहिकं द्विविधं, दैहिकमैन्द्रियकञ्च, तत्पूरणे च, तत्रापि विशेषमाहु**र्भक्तद्रोहे** इति । प्रमादतो जीवस्वभाववशाद्भक्तस्य द्रोहो जातश्चेत् सोपराधः केनापि दूरीकर्त्तुं न शक्यते मर्यादायामपि, किं पुनः पुष्टिमार्गे । यथा दुर्वाससोम्बरीषविषये तथास्यापि । तथा सम्भवे शरणमेव भावनीयं नत्वन्यत् । **भक्त्यभावे** सेवायां प्रवृत्तस्यापि स्वरूपे स्नेहो न जायते तदर्थं, **भक्तैश्च स्वस्यातिक्रमे** कृते सति, नहि भगवदीयानामयं स्वभावो यन्निमितं विना यस्य कस्याप्यतिक्रमं कुर्वन्ति । तत्करणे तु स्वदोषमेव विचार्य शरणं भावनीयं तद्दोषनिवृत्त्यर्थम् ।

હવે **‘કામાર્થપૂરણે’** શબ્દની વ્યાખ્યા કરે છે. જે વસ્તુઓની કામના અર્થાત્ અભિલાષા કરવામાં આવે છે, તે પદાર્થ બે પ્રકારના હોય છે, એક લૌકિક અને બીજો ભગવત્સંબંધી . એમાં પણ લૌકિક પદાર્થ બે પ્રકારના હોય છે, એક દેહથી સંબંધિત અને બીજો ઈન્દ્રિયોથી સંબંધિત; આ પદાર્થોની પૂર્તિ કરવામાં પણ હરિની જ શરણભાવના કરવી જોઈએ. આ લૌકિક અભિલાષાઓમાં પણ વિશેષ એક અભિલાષા **‘ભક્તદ્રોહે’** વગેરે શબ્દોથી આચાર્યચરણો કહી રહ્યાં છે. જો આપણાથી પ્રમાદવશ અથવા તો જીવ સ્વભાવવશ કોઈ ભક્તનું ખરાબ થઈ જાય તો એવો અપરાધ કોઈના પણ દ્વારા દૂર નથી થઈ શકતો. મર્યાદામાર્ગમાં પણ એવો અપરાધ ક્ષમ્ય નથી તો પછી પુષ્ટિમાર્ગની વાત શું કરવી ? જેવી રીતે દુર્વાસા ઋષિએ રાજા અંબરીષનું અનિષ્ટ કરવાની ઈચ્છા કરી તો સ્વયં એમના પર વિપત્તિ આવી ગઈ. અને તેમને ભગવાનની પાસે પણ શરણ ન મળ્યું. *(દુર્વાસા અને રાજા અંબરીષની કથા જાણવા માટે જુઓ શ્રી.ભા. ૯-૪-૩૫...૭૧)* તેવી રીતે અહીં પણ સમજવું જોઈએ. તેથી તે જ રીતે કોઈ ભક્તનો દ્રોહ થઈ જતાં ભગવાનની શરણભાવના જ કરવી જોઈએ, અન્ય બીજું કંઈ નહિ. **‘ભક્ત્યભાવે’** શબ્દનો અર્થ એ છે કે, જો આપણામાં ભક્તિ ન હોય તો સેવામાં પ્રવૃત્ત થવા છતાં પણ ભગવત્સ્વરૂપમાં સ્નેહ ઉત્પન્ન નથી થતો. તેથી ભગવત્ સ્વરૂપમાં સ્નેહ ઉત્પન્ન કરવા માટે જો કોઈ ભક્ત આપણું અતિક્રમણ કરે, ત્યારે એમ વિચાર કરવો જોઈએ કે ભગવદીયોનો એવો સ્વભાવ તો હોતો નથી કે તેઓ વિના કારણ જેનું-તેનું અપમાન કરી દે. તેથી તેવામાં સ્વયંનો જ દોષ વિચારીને તે દોષની નિવૃત્તિ માટે શરણભાવના કરવી જોઈએ.

किञ्च, **अशक्ये वे**ति । स्वस्य कर्तुमशक्ये कार्ये शरणं भावनीयम् । अशक्य इत्युक्ते शक्यत्वे स्वयमेव कार्यमिति न ज्ञेयं, तत्राहुः **सुशक्य** इति । **सर्वथा शरणं हरिः ।** स्वस्य सुतरां शक्यमपि, तथापि शरणमेव भावनीयं, प्रभुशरणेनैवेदं सिद्धं नान्यथेति । प्रभोर्विघातकरणे स्वस्य सामर्थ्याभावात्स्वकृतेनाभिमानाच्छरणधर्मोपि गच्छेदिति सर्वात्मना तदीयत्वानुसन्धानेन शरणमेव भावनीयम् । यतः प्रभुः **हरिः** सर्वदुःखहर्ता अशक्यादिदुःखं हरिष्यत्येवेत्यर्थः । अथवा, **अशक्ये** भगवत्सम्बन्धिनि साधनासाध्ये **सुशक्ये** साधनसाध्ये लौकिकेपि तदेव भावनीयं, न तु स्वप्रयत्नः कर्तव्यः, तत्करणे शरणधर्मो नश्येदिति ॥ ११ ॥

‘અશક્યે વા’ શબ્દનો એ અર્થ છે કે, આપણા દ્વારા જે કાર્ય સંભવ થતાં ન દેખાતાં હોય, તેમાં પણ ભગવાનની શરણાગતિની ભાવના કરવી જોઈએ. અહીં **‘સુશક્ય’** પદ પણ કહ્યું છે તેથી એમ ન સમજવું જોઈએ કે કેવળ અશક્ય પરિસ્થિતિમાં જ ભગવાનની શરણભાવના જરૂરી છે અને શક્ય પરિસ્થિતિમાં તો સ્વયં કરી શકાય છે. પરંતુ સુશક્ય પરિસ્થિતિઓમાં પણ શરણભાવના રાખવી આવશ્યક છે. આ જ વાતને બતાવવા માટે આગળ **‘સુશક્ય’** પદ આપ્યું છે. એનો

એ અર્થ થાય છે કે કોઈ કાર્ય અશક્ય હોય કે સુશક્ય, સર્વદા હરિની જ શરણભાવના આવશ્યક છે. અને ભલેને કોઈ કાર્ય કરવું આપણાં માટે સરળતાથી શક્ય પણ હોય તો પણ શરણભાવના તો કરવી જ જોઈએ, પ્રભુશરણથી જ આ બધું સિદ્ધ થાય છે, અન્યથા નહિ. અને જો પ્રભુ આપણા કોઈ કાર્યનો વિઘાત કરી દે તો તે દુઃખ સહન કરવાની શક્તિ આપણામાં નથી હોતી, તેથી તેનાથી **'હવે હું જ પોતાના પ્રયત્નોથી આ કામ કરીશ'** એવા પ્રકારનું અભિમાન ઉત્પન્ન થઈ જાય છે અને આપણો શરણ ધર્મજ નષ્ટ થઈ જાય છે. તેથી સર્વ પ્રકારથી ભગવદીયતાનું અનુસંધાન રાખતાં ભગવાનની શરણભાવના જ કરવી જોઈએ. કેમ કે પ્રભુ **હરિ** છે, સર્વદુઃખોનું હરણ કરવાવાળા છે તેથી અશક્ય જેવા દુઃખોને હરશેજ, એમ અર્થ છે. અથવા **'અશક્ય'** પદનો એવો અર્થ કરી લઈએ કે, ભગવત્ સંબંધી સાધન પ્રાપ્ત ન થતાં; અને **'સુશક્ય'** પદનો એવો અર્થ કરી લઈએ કે, લૌકિકમાં સાધન પ્રાપ્ત થવાં છતાં પણ; આ બંને પરિસ્થિતિઓમાં ભગવાનની જ શરણભાવના કરવી જરૂરી છે, આપણે પ્રયત્ન ન કરવો જોઈએ કેમકે એમ કરવાથી શરણધર્મનો ભંગ થઈ જાય છે. ।। ૧૧ ।।

अहङ्कारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ॥ १२ ॥

किञ्च, अहङ्कारकृते चैव जीवस्वभाववशात्केनापि उदासीनेन भक्तेन च सहाहङ्कारः कृतस्तदा तेनासुरावेशो भवत्येवेति, पश्चाद्विवेके जाते पश्चात्तापो जायते मयाऽसमीचीनं कृतमिति, तद्दोषपरिहारार्थं शरणमेव भावनीयम् । यद्वा, प्रभुकृपाभरेण प्रौढ्या प्रभुणा सहैवाहङ्कारः कृतस्तदापि दोषपरिहारार्थं तदेव भावनीयम् । किञ्च, पोष्याणां पोषणं रक्षणं च, तत्करणेपि तदेव भावनीयं, न तु प्रयत्नः कार्यः ।

હવે **'અહંકાર કૃતે ચૈવ'** વગેરે શબ્દોની વ્યાખ્યા કરી રહ્યાં છે. આ પંક્તિનો અર્થ એ છે કે જો કોઈ ભગવદ્ધર્મમાં ઉદાસીન વ્યક્તિ જીવસ્વભાવવશ કોઈ ભકતની સાથે અહંકાર કરે છે તો તે અહંકારથી એનામાં આસુરાવેશ ઉત્પન્ન

થઈ જાય છે. આના પછી જ્યારે તેનામાં વિવેક જાગૃત થાય છે ત્યારે તેને 'આ મેં બરોબર નથી કર્યું' એમ પશ્ચાત્તાપ ઉત્પન્ન થાય છે. તે દોષને દૂર કરવા માટે ભગવાનની જ શરણભાવના કરવી જોઈએ. અથવા એમ અર્થ કરી લઈએ કે પ્રભુની અતિકૃપા થઈ જાય અને અતિ પ્રગાઢ ભાવથી ભક્ત પ્રભુની સાથે જ અહંકાર કરી બેસે, ત્યારે પણ તે દોષને દૂર કરવા માટે ભગવાનની શરણભાવના કરવી જોઈએ. તેમજ, વળી જ્યારે આપણે પરિવારજનોનું પાલનપોષણ કરીએ, ત્યારે તે કરવામાં પણ ભગવાનની જ શરણભાવના કરવી જોઈએ, સ્વયં પ્રયત્ન ન કરવો જોઈએ.

पोष्यातिक्रमणे चैव । पोष्यादीनां भार्यादीनां चकारादन्येषां बन्धुदासपर्यन्तानामप्यतिक्रमे, **तथान्तेवासी** स्वशिष्यस्तत्कृतेप्यति**क्रमे** शरणमेव भावनीयं, न तु क्रोधादिकम्, तत्करणे आसुरावेशसम्भवात् । किञ्च, तदुपरि स्वस्य क्रोधकरणे शिष्यस्यानिष्टं भवेत् इति सुकृतिनां नायं स्वभावो यदङ्गीकृतं त्यजन्तीति। तस्य दण्डादिकं प्रभुरेव करिष्यतीति तत्राभिमानेन न स्वधर्महानिः कार्येति भावः ॥ १२॥

હવે **'પોષ્યાતિક્રમણે ચૈવ'** વગેરે શબ્દોની વ્યાખ્યા આપ કરી રહ્યાં છે. જે પત્ની વગેરે પરિવારજનોનું પોષણ કરી રહ્યા છીએ, તેઓ આપણું જો અપમાન કરે, અને **'ચ'** શબ્દથી આપણા જો ભાઈ-બંધુ, સેવક વગેરે પણ જો આપણને અપમાનિત કરે, અથવા વળી આપણા અન્તેવાસી શિષ્ય પણ આપણું અપમાન કરે *(અન્તેવાસી તેમને કહેવાય છે કે જે આપણા ઘરમાં આપણી નિકટ રહેતા હોય. પ્રાચીન સમયમાં અધ્યયન હેતુ શિષ્ય પોતાના ગુરુજનો ના આશ્રમમાં રહેતા હતા. તે જ શિષ્યો 'અન્તેવાસી' કહેવાતા હતા)* ત્યારે પણ ધૈર્યપૂર્વક ભગવાનની જ શરણભાવના કરવી જોઈએ. તેમના પર ક્રોધ વગેરે ન કરવા જોઈએ, એમ કરવાથી આસુરાવેશ થાય છે. તેમજ, તેમના પર ક્રોધ કરવાથી શિષ્યનું અનિષ્ટ થાય છે અને સજ્જનોનો એ સ્વભાવ નથી હોતો કે જેને અપનાવે તેનો ત્યાગ કરી દે. તેમને દંડ વગેરે પ્રભુ આપશે તેથી અભિમાન કરીને સ્વધર્મ ભંગ ન કરવો જોઈએ, એમ ભાવ છે ।। ૧૨ ।।

ननु प्राकृतानां चित्तादीनामध्यासनिवृत्तिरतिकठिना, तदभावे सर्वमेव कठिनमिति चेत्तत्राहु**रलौकिके**ति ।

अलौकिकमनः सिद्धौ सर्वार्थे शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥ १३ ॥

मन इत्युपलक्षणम् । किन्तु सर्वेषां देहेन्द्रियादीनां प्राकृतांशनिवृत्त्या यथा अलौकिकत्वं भवति तत्सिद्धौ तदनन्तरं **सर्वार्थे**ऽलौकिकसकलपदार्थ-सम्पत्त्यर्थमपि हरिरेव शरणं भावनीयो नान्यत्, तदेवाहु**रेवमि**ति। एवं प्रकारेण **चित्ते** ज्ञानरूपे, न तु जडे, सदा निरन्तरं भावना कार्या । अथ च **वाचा**पि परितः **कीर्त्तयेन्नि**रन्तरं मुखेन कथयेदित्यर्थः ।

હવે અહીં એક શંકા થાય છે કે, લૌકિક જીવોના ચિત્ત વગેરેના અધ્યાસની નિવૃત્તિ થવી તો ઘણી કઠિન હોય છે *(અધ્યાસનો અર્થ થાય છે ભ્રમ. જ્યારે જીવ પોતાના ચિત્ત પર અને પોતાના શરીર પર અને ભૌતિક વસ્તુઓ પર ભગવાનની સત્તાને ભુલાવીને ભ્રમવશ પોતાની સત્તા માની લે છે, તો તેને અધ્યાસ કહે છે.)* અને જો આ અધ્યાસોની નિવૃત્તિ ન થાય તો બધું જ મુશ્કેલ થઈ જાય છે તેથી એનું સમાધાન **'અલૌકિક'** વગેરે શબ્દોથી આચાર્યચરણો કરી રહ્યાં છે.

અહીં મૂળ શ્લોકમાં કહેલું મન તો ઉપલક્ષણ માત્ર છે *(જે વસ્તુના સંકેત દ્વારા કોઈ બીજી વસ્તુ બતાવવામાં આવી રહી હોય, તે સંકેત વસ્તુને ઉપલક્ષણ કહે છે. જેમ દૂર કોઈ મકાનને બતાવવા માટે કોઈ ઝાડ પર બેસેલા કાગડાની દિશા નો સહારો લઈને તે મકાન બતાવવામાં આવે, તો કાગડો ઉપલક્ષણ થયું. આ પ્રકારે અહીં મન તો ઉપલક્ષણ માત્ર છે, મનની સાથે-સાથે બીજી ઈન્દ્રિયોના તરફ પણ સંકેત કરવામાં આવી રહ્યો છે, તેમ અર્થ છે.)* વળી કેવળ મન જ નહિ પણ સમસ્ત દેહ-ઈન્દ્રિયોની લૌકિકતા નિવૃત્ત થઈને જે પ્રકારે અલૌકિક થઈ જાય, તે અલૌકિકતા પ્રાપ્ત કર્યા પછી સમસ્ત અલૌકિક પદાર્થોને માટે હરિની શરણભાવના જ કરવી જોઈએ, અન્ય બીજા કોઈની નહિ. આ વાતને **'એવં'** વગેરે શબ્દોથી કહેવામાં આવી રહી છે. અર્થાત્ આ પ્રકારે જ્ઞાનવાળા ચિત્તમાં સદા, નિરંતર હરિની શરણભાવના કરવી જોઈએ, જડબુદ્ધિથી નહિ. અને, વાણી દ્વારા પણ નિરંતર પ્રભુનું શરણભાવન થાય તેમ ઉચ્ચારણ કરવું જોઈએ. અર્થાત્ નિરંતર મુખથી પ્રભુના આશ્રયનું જ ઉચ્ચારણ કરવું જોઈએ, એમ અર્થ છે.

क्षणमात्राकथने तदैवासुरभावप्रवेशः स्यादित्युक्तं **सदे**ति । चित्तस्य ज्ञानरूपत्वाभावेपि कीर्तनमस्यावश्यकमिति कीर्तनमुक्तम् । एतदेवोक्तं नवरत्ने **'तस्मात्सर्वात्मने'**त्यत्रा**'न्तःकरणे तथाभावेऽतथाभावे वा वदनमावश्यकमि'**ति। यद्वा, चकारात् कायेन सेवापि कर्तव्या, मनसा भावना, वाचा कीर्तनमिति त्रिविधापि प्रपत्तिर्निरूपिता । एवं सति सर्वमेव पूर्वोक्तं शक्यं भविष्यतीति भावः ॥ १३ ॥

'સદા' કહેવાનો અર્થ એ છે કે ક્ષણમાત્ર માટે પણ પ્રભુનામ છૂટી જાય તો તે જ ક્ષણે આસુરભાવ પ્રવિષ્ટ થઈ જાય છે. ચિત્તમાં ભગવદ્-ધર્મનું જ્ઞાન ઉત્પન્ન ન પણ થયું હોય, તો પણ જીવે તેમનું કીર્તન કરવું જરૂરી છે, તેથી કીર્તન કરવાનું કહ્યું છે. આજ વાત નવરત્નગ્રંથના **'તસ્માત્ સર્વાત્મના** (૯)', આ શ્લોકના વિવરણમાં પ્રભુચરણોએ **'અન્તઃકરણમાં પ્રભુની શરણાગતિનો ભાવ હોય ના હોય, અષ્ટાક્ષર બોલતા રહેવું તો જરૂરી છે'** આ વાક્ય દ્વારા કહી છે. અથવા મૂલ પંક્તિમાં આવેલા **'ચકાર'** દ્વારા એમ અર્થ કરી શકાય કે શરીરથી પ્રભુસેવા, મનથી એમની શરણભાવના અને વાણી દ્વારા તેમનું કીર્તન, આમ ત્રણ પ્રકારની શરણાગતિ નિરૂપિત કરેલી છે. આ પ્રકારની શરણાગતિ કરવાથી પહેલાં કહેલી સમસ્ત વાતો સંભવ થઈ જશે, એમ ભાવ છે. ॥ ૧૩ ॥

नन्वेवमपि सति महत्यशक्य एवार्थे हरिः शरणं भावनीयः स्वशक्यार्थे भगवति भारः किमर्थं देय इति तदर्थं देवान्तरभजनं चेत् कुर्यात्तत्राहु**रन्यस्ये**ति।

अन्यस्य भजनं तत्र स्वतो गमनमेव च ।
प्रार्थनाः कार्यमात्रेपि तथान्यत्र विवर्जयेत् ॥ १४ ॥

अन्यस्य देवान्तरस्य **भजनं** स्वतस्तदर्थगमनमपि वर्जयेन्न कुर्यात् । चकारादन्यप्रेरणयापि तत्र न गच्छेत् । यदि न वर्जयेत्तदा शरणपदार्थो गच्छेदित्यर्थः। इदमेवोक्तं 'न्यासादेशेषु'इत्यत्र **'मदितरभजनापेक्षणमि'**ति । ननु प्रभौ प्रार्थनाया

अनुचितत्वात् कदाचित्पदार्थापेक्षायां देवान्तरादौ प्रार्थना मात्रं कुर्यान्न तु भजनगमनादिकं तत्राहुः **प्रार्थना** इति । यथा अन्यस्य भजनगमनादिकं न कुर्यात्तथा **कार्यमात्रे** महति स्वल्पेपि वा **प्रार्थना अपि विवर्जयेत्** । विशेषेण सर्वथा न कुर्यात्, कापि प्रार्थना न कार्येति बहुवचनमुक्तम्।

છતાં પણ અહીં એક શંકા એ થાય છે કે, ઉચિત તો એ જ છે કે આપણા માટે જે અત્યંત અસંભવ કાર્ય હોય તેના માટે જ હરિની શરણભાવના કરીએ પણ જે કામ આપણા દ્વારા પણ સંભવ થઈ શકે છે, તેવા કાર્યો માટે કેમ વ્યર્થમાં ભગવાન પર ભાર આપવો ? એવા કાર્યો માટે તો અન્ય દેવતાઓના ભજન દ્વારા પણ કામ ચલાવી શકાય છે. જો આવી શંકા હોય તો આચાર્યચરણો હવે **'અન્યસ્ય'** વગેરે શબ્દોથી સ્પષ્ટીકરણ કરી રહ્યાં છે.

અન્ય દેવતાઓનું ભજન, તેમજ સામે ચાલીને તેમની પાસે જવું, આ બધું જ વર્જિત કરી દેવું જોઈએ. અર્થાત્ તેમ ન કરવું જોઈએ. અને **'ચ'** શબ્દથી એ પણ સમજવું જોઈએ કે કદાચ કોઈ બીજું ત્યાં જવા માટે પ્રેરિત કરે, તો પણ ન જવું જોઈએ. જો એમ નહિ કરીએ તો શરણધર્મનો ભંગ થઈ જશે, તેમ અર્થ છે. આજ વાત ન્યાસાદેશગ્રંથના **'મારા (શ્રીકૃષ્ણ) વિના બીજા કોઈનું ભજન કરવું અથવા અપેક્ષા રાખવી નિષિદ્ધ છે** (૧)' આ વાક્ય દ્વારા કહેલ છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે, ચાલો માની લઈએ કે આપણા પ્રભુને પ્રાર્થના કરવી અનુચિત છે અને અન્ય દેવતાઓનું ભજન ભલે ન કરવામાં આવે પણ તેમને પ્રાર્થના જ કરી લેવામાં આવે તો શું કોઈ હાનિ છે ? તો એનું સમાધાન **'પ્રાર્થના'** વગેરે શબ્દોથી કરી રહ્યાં છે. અહીં એમ સમજવું જોઈએ કે, જેમ અન્ય દેવતાઓનું ભજન ન કરવું જોઈએ અથવા તેમની પાસે ન જવું જોઈએ, તેવી રીતે તુચ્છ કાર્ય માટે કાં તો કોઈ મોટા કાર્ય માટે પણ તેમને પ્રાર્થના ન કરવી જોઈએ. અહીં ધ્યાનમાં રાખવું કે મૂળ કારિકામાં **'વિવર્જયેત્'** પદમાં **'વિ'** ઉપસર્ગ પ્રયુક્ત થયો છે, જેનો અર્થ એ છે કે પ્રાર્થના તો સર્વથા ન કરવી જોઈએ. અને, પ્રાર્થના શબ્દ પણ અહીં બહુવચનમાં વપરાયો છે, જેનો અર્થ છે 'પ્રાર્થનાઓ'. એટલે તાત્પર્ય એ થયું કે કોઈ પણ પ્રકારની પ્રાર્થના ન કરવી જોઈએ.

* अत्र केचन पूर्वपक्षं कुर्वन्ति, प्रार्थनारहिता न केपीति, यतो लौकिकं पारमार्थिकं वा सर्वेषां प्रार्थनीयमस्ति । परमविरक्ता अपि पारमार्थिकं प्रार्थयन्त्येव । केचन मुक्त्यादिकमपि न वाञ्छन्ति, तथापि भगवच्चरणारविन्दानुरागरूपां भक्तिं प्रार्थयन्त्येव । ते तु तादृग्भक्त्युत्पत्त्यनन्तरं किमपि न प्रार्थयन्तीति चेत्तदात्यन्तं परमप्रेमासक्तिव्यसनवन्तो व्रजवासिनस्ते तु स्थले प्रार्थितवन्तः । अन्ये तु मुक्त्यादिकं प्रार्थयन्ति । व्रजवासिनान्तु दावानलक्षुद्वृष्ट्यादिजनितलौकिकप्रार्थना तिष्ठतीति तद्रहितभक्तजनाभावात् प्रार्थनानिषेधः कथं क्रियते ?

અહીં કોઈ પૂર્વપક્ષી એ વાતમાં સંદેહ કરે છે કે, પ્રાર્થનારહિત તો કોઈ હોતું જ નથી કેમકે લૌકિક કે અલૌકિક, બધા કાર્યો માટે પ્રાર્થના તો કરવામાં આવે જ છે. પરમ વિરકત વ્યક્તિ પણ અલૌકિક માટે પ્રાર્થના તો કરે જ છે. કોઈ વ્યક્તિ મુક્તિ વગેરે ભલે ન માંગતા હોય છતાં પણ ભગવત્ ચરણારવિંદની અનુરાગરૂપા ભક્તિની પ્રાર્થના તો કરે જ છે. - જો તમે એમ કહો કે એવી અનુરાગરૂપા ભક્તિ પ્રાપ્ત થયા પછી તેઓ કોઈ પણ પ્રાર્થના નથી કરતા, તો જુઓ, અત્યંત પ્રેમાસકત તથા વ્યસની વ્રજવાસીઓએ તો જગ્યા જગ્યા પર પ્રાર્થના કરી છે. તેમનાથી અલગ બીજાઓએ તો મુક્તિ વગેરેની પ્રાર્થના કરી છે પરંતુ વ્રજવાસીઓએ તો દાવાનલના ભયથી, ભૂખને કારણે અને વર્ષાના ભયથી પ્રભુને પ્રાર્થના કરી છે. તેથી પ્રાર્થના થી રહિત કોઈ ભકતજન છે જ નહિ તો આપ પ્રાર્થના નો નિષેધ કેમ કરો છો ?

तत्रोच्यते । रे दुर्विदग्ध ! सन्दिग्धतयैव विदग्धंमन्योसि, यतो यद्ब्रह्मादीनां मनसाप्याकलयितुं न शक्यं तत्स्वरूपे ये सुस्निग्धाः प्रेमासक्तिव्यसनिनः येषां तद्व्यतिरिक्तं लौकिकं पारमार्थिकं वा न किञ्चनास्ति। तेषां लौकिकनिमित्त-प्रार्थनादिकं ब्रवीषि । यदि वदसि श्रीशुकैरुक्तं, तत्रोच्यते। एतत्स्वरूपानभिज्ञ ? स्वरूपनिष्ठः सन् श्रृणु । येषां तदन्तराये त्रुटिर्युगायते तेषां तदन्तरायस्यासहिष्णुत्वात्

---

* अमू पूर्वपक्षोत्तरे समुपलब्धेषु प्राचीनेषु नवसु पुस्तकेषु नस्तः । अर्वाचीनपुस्तकद्वये वर्तते। अतः केनाप्याधुनिकेन विदुषा प्रक्षिप्ते ते स्याताम् ।

स्वानिष्टे सम्पन्ने संभवतीति प्रार्थनं व्यसनस्वभावेन न तु स्वनिष्टं भवतीति कुतो लौकिकनिमित्तप्रार्थनसम्भावनापि।

તો સાંભળો, અમે તેનું સમાધાન કહીએ છીએ. અરે બળેલી બુદ્ધિવાળા! સંદેહથી તારું મન બળી ચૂક્યું છે. કેમકે જે સ્વરૂપનું બ્રહ્માદિ દેવતા પણ આકલન નથી કરી શકતા એવા ભગવત્ સ્વરૂપના આ વ્રજવાસીઓ પ્રેમી છે અને પ્રેમાસક્તિવ્યસન દશાને પ્રાપ્ત થઈ ગયા છે. જેમના માટે ભગવાન વગર લૌકિક અથવા અલૌકિક કાંઈ પણ નથી, તેમની પ્રાર્થનાને તુ લૌકિક પ્રાર્થના કહી રહ્યો છે ? જો તુ એમ કહી રહ્યો છે કે એમ શ્રીશુકદેવજીએ કહ્યું છે તો સાંભળ, અમે એનો જવાબ આપી રહ્યા છીએ. વ્રજભક્તોના આવા સ્વરૂપથી અજાણ ! વ્રજભક્તોના સ્વરૂપમાં નિષ્ઠ થઈ અમારી વાત સાંભળ. જે વ્રજવાસીઓને ભગવત્ પ્રાપ્તિમાં અંતરાય આવી જવાથી ક્ષણભર પણ યુગની જેમ પ્રતીત થાય છે *(જુઓ શ્રી.ભા. ૧૦-૧૯-૧૬ અને ૧૦-૩૧-૧૫)* આવા વ્રજવાસીઓને પ્રભુનો અંતરાય અસહનીય છે કેમકે પ્રભુદર્શન ન પ્રાપ્ત થવાથી તેમનું અનિષ્ટ થતું હતું. તેથી તેમની તે પ્રાર્થના એમના વ્યસન સ્વભાવને કારણે છે, પ્રાર્થના કરવી તેમનો સ્વભાવ નથી. હવે અહીં કોઈ લૌકિક કાર્ય નિમિત્તે પ્રાર્થનાની સંભાવના જ ક્યાં છે ?

यद्यपि तादृशानां मध्ये अनिष्टं न सम्भवति, तथापि तत्र क्रीडारसावेशे यत्किञ्चिदपि प्रभौ स्वसाम्याधिक्यज्ञाने तन्निरोधार्थं प्रभुणैव क्रियत इति ज्ञेयम्। अन्यथा तन्निरोधो विशेषरसानुभवश्च न भवेत् । एतदेव दावानलप्रस्तावे गोपेषु भगवति लौकिकभावेन स्वसाम्येनैव क्रीडासक्तेषु, गोषु च तृणलोभेन भगवन्तं विस्मृत्य वनगव्हरं प्रविष्टासु प्रपत्तिहीनैः सह भगवत्क्रीडा न भवतीति तन्निरोधार्थं प्रभुणैव वनाग्निरुच्छापितः । अन्यथा तादृशप्रभुक्रीडायां विघ्नकरणे कः समर्थः । अत एव तत्प्रपत्त्यनन्तरमेव तस्य या शान्तिः कृता सापि प्रभुणैव कृता न तु साधनैः। तत्केवलं स्वीयत्वं ज्ञापनाय, इतरसम्बन्धे स्वीयत्वाभावात्।

જો કે એવા તાદશીજનોને કોઈ અનિષ્ટ હોવાની સંભાવના નથી હોતી છતાં તેમનું જે કાંઈ પણ અનિષ્ટ થતું દેખાઈ આવે છે, તે એના માટે કે ભગવાનની સાથે ક્રીડા કરતાં કરતાં ભાવાવેશને કાણે તેમણે થોડા ઘણા પણ પોતાને પ્રભુની સમાન માની લીધેલા અને અહંકાર કરી નાખેલો, તેને દૂર કરવા માટે અને પોતાના સ્વરૂપમાં તેઓનો નિરોધ કરવા માટે પ્રભુએ જ તેમનામાં પ્રાર્થનાની પ્રવૃત્તિ ઉત્પન્ન કરી હતી, આ જાણી લેવું જોઈએ. અન્યથા ન તો એમનો નિરોધ સિદ્ધ થતો અને ન તો તેમને પ્રભુના વિશેષ રસનો અનુભવ થતો. દાવાનળના પ્રસંગમાં પણ એ જ થયું કે ગોપોએ ભગવાન સાથે ક્રીડા કરતાં કરતાં તેમનામાં લૌકિકભાવ રાખીને તેમને પોતાની સમાન જ સમજી લીધા અને ગાયો ચારાના લોભમાં ભગવાનને ભૂલીને ગવ્હરવનમાં ચાલી ગઈ. કેમકે આવા શરણાગતહીનોની જોડે ભગવત્ક્રીડા નથી થઈ શકતી તેથી તેમનો નિરોધ કરવા માટે પ્રભુ એ જ વનમાં આગ લગાડી હતી. અન્યથા તો આવી પ્રભુક્રીડામાં વિઘ્ન કરવામાં કોણ સમર્થ છે ? તેથી જ જ્યારે તેઓએ અંતમાં પ્રભુની શરણાગતિ લીધી, ત્યારે પ્રભુએ જ તે અગ્નિને શાંત કર્યો. આ પણ પ્રભુએ જ કર્યુ, બીજા કોઈ સાધનોએ નહિ. આ બધું જ પ્રભુએ તેમને સ્વીયજન છે તેમ બતાવવા માટે કર્યું કેમકે જો એમનું ધ્યાન પ્રભુથી અલગ હોત, તો તેઓ સ્વીય ન થઈ શકત.

अग्रे तैरपि तथैव विज्ञापितं तदा, ‘**नूनं त्वद्बान्धवाः कृष्ण न चार्हन्त्यवसीदितुं, वयं हि सर्वधर्मज्ञ त्वन्नाथास्त्वत्परायणा**’इति । अस्यार्थस्तु ये केवलं **त्वद्बान्धवा** एव तेपि **नावसीदन्ति**, किं पुनः प्रपन्ना इति । स्वप्रपत्तिं ज्ञापयन्ति **वय**मिति । अत्रायं गूढाभिसन्धिः । केवलं बन्धुत्वेन तत्स्वभावात् कदाचित् स्वसाम्येनापि प्रभुणा सह क्रीडादिकं संभवति, एवमिदं तत्प्रपन्नानामनिष्टकारकं तदस्माकं पूर्वं जातमिति स्वापराधनिवेदनं, तथापि सा क्रीडास्माकं त्वां विना न भवति, किन्तु, त्वया सहैव, त्वद्व्यतिरेकेण जीवनमेव न भवेदितिविशेषणद्वयेन द्योत्यते । अतः सर्वात्मना प्रपन्नानां नो वनाग्निभयं न भवति, किं तर्हि, पूर्वोक्तापराधेन महदनिष्टे सति त्वत्स्वरूपान्तरायस्तु ततोप्यसह्य इति प्रार्थनमिव कुर्वन्तः स्वापराधं प्रपत्तिं च ज्ञापयन्ति ।

દાવાનલના પ્રસંગ પછી આગળ તો તેઓએ પ્રભુને ‘**હે કૃષ્ણ ! જેમના ભાઈ-બંધુ બધું તમે જ છો, તેમને તો કોઈ પ્રકારનું કષ્ટ ન થવું જોઈએ. હે**

સમસ્ત ધર્મોના જ્ઞાતા ! તમે જ અમારા રક્ષક અને સ્વામી છો, અમને તમારા પર જ ભરોસો છે. (શ્રી.ભા. ૧૦-૧૯-૧૦)' વગેરે વાક્યો કહ્યાં છે. આનો અર્થ એ છે કે, હે કૃષ્ણ ! જ્યાં કેવળ તમારા બાંધવ પણ હોય તો તેઓ દુઃખી નથી થતા, તો તમારા શરણાગત કેવી રીતે દુઃખી થઈ શકે છે ? અહીં ગોપબાલકોએ **'વયં'** શબ્દ કહીને પોતાની શરણાગતિ બતાવી છે. *(**'વયં'** શબ્દનો અર્થ થાય છે 'અમે') અર્થાત્ ગોપબાલકોએ 'અમારા સ્વામી આપ જ છો' તેમ કહીને તેમની શરણાગતિ સ્વીકારી છે, એમ અર્થ છે.)* અહીં એક ગૂઢ વાત એ સમજવી જોઈએ કે, ગોપબાલકોએ ભગવાનને જે ઉપરની પ્રાર્થના કરી તેમાં એમ કહ્યું કે, કેવળ ભગવાનના બંધુ હોવાથી અને બંધુ સ્વભાવને કારણે અને કદાચ ભગવાન જોડે પોતાની સમાનતા હોવાને કારણે પણ પ્રભુની જોડે એમની ક્રીડા થઈ. પરંતુ ભગવાનને આ રીતે પોતાના સમાન માની લેવા શરણાગતો માટે અનિષ્ટકારી થાય છે અતઃ તેઓએ **'અમારાથી આવો અપરાધ થઈ ગયો'** એમ કહી પોતાનો અપરાધ તો સ્વીકાર કર્યો પરંતુ એમ પણ નિવેદન કર્યું કે 'અમારી ક્રીડા તમારા વિના નહિ પરંતુ તમારી સાથે જ સંભવ થઈ શકે છે. તમારા વિના તો અમારું જીવન જ સંભવ નથી.' આ જ કારણે તેમણે ભગવાન માટે 'રક્ષક' અને 'સ્વામી' આમ બે વિશેષણો કહ્યા. તેથી જ તેઓ કહી રહ્યાં છે કે, 'અમે ચારેબાજુથી તમને શરણાગત થયા છીએ અને તેથી અમને વનની અગ્નિનો તો ભય નથી પરંતુ અમે પહેલાં જે અપરાધ કર્યો છે તેનાથી અમારું બહુ અનિષ્ટ થયું છે. પણ તે અનિષ્ટ થી વધારે અધિક અસહ્ય આપના સ્વરૂપનો અંતરાય છે.' *(અર્થાત્ અનિષ્ટથી પણ વધારે કષ્ટકારી ભગવાનના સ્વરૂપદર્શનમાં થતું વિઘ્ન છે)* આવી રીતે તેઓ પ્રાર્થના જેવું કાંઈક કરતાં પોતાનો અપરાધ અને શરણાગતિ બતાવી રહ્યા છે.

अत एव पूर्वश्लोके सर्वथा प्रार्थनाया अनौचित्यमित्यभिप्रायेणैव **त्रातुमर्हथे**त्युक्तं, न तु '**त्राही**'ति । पूर्वमपि कालियसङ्गानन्तरं दावानलोद्गमे '**न शक्नुमस्त्वच्चरणं सन्त्यक्तुमकुतोभयमि**'त्येवोक्तम् । दाहस्तु सोढुं शक्यो न तु चरणवियोग इति विवरणे विवृतं, न हि व्यसनव्यतिरेकेणैवं वचनं सम्भवतीतिभावः। ननु पूर्वमेवं कथमेतादृशी प्रपत्तिर्न कृता तत्राहुः '**सर्वधर्मज्ञे**'ति । सर्वं धर्मं त्वमेव जानासि, वयं तु मूढा अतोस्माकं तदुपदेशाभावेन तदज्ञानात् क्रीडारसावेशेन त्वत्प्रतिपत्तिविस्मृतिर्भवतीत्यर्थः । इदानीं प्रमेयबलादेव तज्ज्ञानं जातमिति सर्वथा प्रपन्नानामस्माकं त्वत्स्वरूपान्तरायो मा भवत्विति स्वरूपासक्तिस्वभावेनैव प्रार्थनमिव कुर्वन्तः स्वशरणागतिरेव ज्ञापितेति सर्वमनवद्यम् ।

આ જ કારણે ઉપરના શ્લોકના પહેલાં **'પ્રાર્થના સર્વથા ઉચિત નથી'** તેવા અભિપ્રાયથી ગોપબાલકોએ ભગવાનને એમ કહ્યું કે **'આપ અમારી રક્ષા કરવામાં સમર્થ છો'**, એમ ન કહ્યું કે **'આપ અમારી રક્ષા કરો'** (શ્રી.ભા. ૧૦-૧૯-૯). આના પહેલાં અર્થાત્ કાલિયદમન પછી અને દાવાનલ પ્રસંગના આરંભ પહેલાં પણ તેમણે ભગવાનને, **'હે પ્રભુ ! અમે તમારા ચરણારવિંદોને છોડવામાં અસમર્થ છીએ** (શ્રી.ભા. ૧૦-૧૭-૨૪)' એમ કહ્યું છે. આ શ્લોકના સુબોધિનીમાં આચાર્યચરણોએ કહ્યું છે કે ગોપબાળક એમ કહી રહ્યાં છે કે **'અમે અગ્નિની દાહકતા તો સહન કરી શકીએ છીએ પણ આપના ચરણોનો વિયોગ નહિ'**. વ્યસન થયા વગર તો આવા વચન કહેવા સંભવ જ નથી, તેમ ભાવ છે. હવે કોઈ પૂર્વપક્ષી એવી શંકા કરે કે, જો એમ જ છે તો તે ગોપબાલકોએ અપરાધ કરતાં પહેલાં જ ભગવાનની શરણાગતિ કેમ ન કરી ? તો એનું સમાધાન ઉપરના શ્લોકમાં આવેલ **'સર્વધર્મજ્ઞ'** પદમાં છે. ગોપબાલકોએ ભગવાનને સર્વધર્મજ્ઞ *(સમસ્ત ધર્મોના જ્ઞાતા)* કહ્યાં છે. અને તેઓ કહી રહ્યાં છે કે, 'તમે જ સમસ્ત ધર્મોના જાણકાર છો. અમે તો મૂઢ છીએ તેથી ધર્મનો ઉપદેશ પ્રાપ્ત ન થવાથી અમને ધર્મનું જ્ઞાન નથી અને ક્રીડારસના આવેશથી અમને આપની શરણાગતિ ભૂલી જવાય છે. અમને તો આપના પ્રમેયબલથી હમણાં જ આ જ્ઞાન થયું છે તેથી સર્વથા શરણાગત થયેલા અમો ભક્તો ને તમારા સ્વરૂપદર્શનમાં વિઘ્ન ન થાય તેમ કરો', આ પ્રકારે તેઓ પોતાની સ્વરૂપાસક્તિના સ્વભાવથી જ પ્રાર્થના જેવું કંઈ કરતાં પોતાની શરણાગતિ જ બતાવી રહ્યાં છે તેથી આ બધું જ ઉચિત છે અને તેને પ્રાર્થના ન માનવી જોઈએ.

नन्वेतावदपि प्रार्थितमिति चेत्तत्रोच्यते । रे कुतर्काप्रतिष्ठितमते ! श्रृणु। श्रीगोकुलं तु केवलं तदेकपरं, तेषां भावोपि तादृश एवेति तादृशस्य तस्य प्रभुरपि स्वयं तदेकपर एवेत्युभयोः परस्परैकपरत्वमेव लोके ज्ञापयितुं तन्नियन्तृत्वेन प्रभुणैव तथा प्रेरितं यथा तैः प्रार्थितं, तदनन्तरं तदैव स्वयमेव साक्षात्तन्निवृत्तिं च कृतवानिति न तत्कृतप्रार्थिनेतिनिगर्वः । प्रकृतेपि प्रपत्त्यभावे कृतेपि प्रार्थने तन्न करोतीति स्वस्य

तादृशं प्रति तत्परत्वाभाव एव ज्ञाप्यत इति भावः ।

અને આટલા સ્પષ્ટીકરણ પછી પણ જો તુ એ કહી રહ્યો હોય કે ‘આટલી તો આટલી પણ પ્રાર્થના કરી જ ને’ તો તને એનો ઉત્તર આપીએ છીએ. અરે કુતર્ક બુદ્ધિવાળા ! સાંભળ, શ્રીગોકુળ તો કેવળ ભગવત્ પરાયણ ભૂમિ છે અને ગોકુલવાસિઓનો ભાવ પણ એવો જ છે. અને આવા શ્રીગોકુલ-પ્રભુ પણ સ્વયં તે ગોકુલવાસીઓમાં પરાયણ જ છે. તેથી બંનેના પરસ્પર આવા ભાવને લોકમાં બતાવવા માટે અને તેમના નિયન્તા હોવાને કારણે પ્રભુ એ જ એમને પ્રાર્થના કરવા માટે પ્રેરિત કર્યા અને તેઓએ એવી પ્રાર્થના કરી. તેમની પ્રાર્થના કર્યા પછી તે જ સમયે સ્વયં ભગવાને જ સાક્ષાત્ તેમના કષ્ટનું નિવારણ કર્યું તેથી આ પ્રાર્થના ગોકુલવાસીઓ દ્વારા કરવામાં નથી આવી, આ ગૂઢાર્થ છે. અહીં પણ એ પ્રકારે સમજો કે જો આપણે ભગવાનની શરણાગતિ નથી કરી તો ભલેને આપણે પ્રાર્થના કરીએ, તો પણ તેઓ એનો સ્વીકાર નથી કરતા. તેથી ભગવાનને આવા શરણાગતિરહિત જીવો માટે તત્પરતા નથી, એમ બતાવી રહ્યા છે, તેમ ભાવ છે.

प्रार्थनादिनिषेधस्तु साधनदशायां न तु फलानुभवे । तथा च, श्रीगोकुलं तु फलरूपं फलोपयोगिसर्वरसात्मकं भगवता स्वलीलार्थं स्वस्वरूपेणैव साक्षात्प्रकटीकृतम् । सा लीला बहिर्लोकानुसारिणी, अन्तस्त्वलौकिकी, बहुप्रयोजनगर्भितेति यथा यथा तत्तद्रसात्मिकास्तास्ता लीला भवेयुः, ततः स्वमाहात्म्यगुणादिकं सर्वजनीनं च भवेत्तथा तथा भगवानेव सर्वं करोति, न तु तेषां तत्स्वरूपव्यसनवतां तदन्यत्किञ्चिदपेक्षितम् । अत एव द्विजपत्न्यनुग्रहं कर्त्तुं मनसैव तादृशानां क्षुधामुत्पादितवान् । अन्यथाऽऽकस्मिकी तादृशी दुःसहा सा कथमुत्पद्येत ? एवं सति श्रीगोकुले तत्तनिरोधार्थं सर्वं भगवानेव करोतीति न किञ्चित्पूर्वपक्षावसरः ।

અહીં એ પણ જાણો કે પ્રાર્થના વગેરેનો નિષેધ તો સાધન દશામાં છે, ફલનો અનુભવ થયા પછી નથી. તે એ પ્રકારે કે, શ્રીગોકુલ તો ફલોપયોગિસર્વરસાત્મક ફલરૂપ છે અને ભગવાને તેને પોતાની લીલા કરવા માટે પોતના સ્વરૂપ દ્વારા જ સાક્ષાત્ પ્રકટ કર્યું છે. ભગવાનની આ લીલા બહારથી તો લૌકિકી દેખાય છે પણ અંદરથી અલૌકિક છે અને તે લીલાના ગર્ભમાં અનેક પ્રયોજનો છૂપાયાં છે. તે લીલાઓ જેમ જેમ, તે તે અલૌકિક રસોથી યુક્ત થતી જાય અને ભગવાનના માહાત્મ્ય અને ગુણ વગેરે સાર્વજનિક થતા જાય તેમ તેમ આ બધું ભગવાન જ કરે છે. તેથી જેમને ભગવાનના આવા સ્વરૂપ અને લીલાનું વ્યસન થઈ ગયું છે, તે ભગવાન સિવાય કોઈ પણ અન્ય વસ્તુની અપેક્ષા નથી કરતા, આ જ કારણે ભગવાને તે દ્વિજપત્નીઓ પર અનુગ્રહ કરવા માટે મન દ્વારા જ ગોપબાલકોમાં ભૂખ ઉત્પન્ન કરી. અન્યથા તેમનામાં અચાનક આવી અસહ્ય ભૂખ કેવી રીતે ઉત્પન્ન થઈ ગઈ ? આ પ્રકાર ગોકુલમાં તે ગોપબાલકોના ચિત્ત સ્વયંમાં નિરૂદ્ધ કરવા માટે ભગવાન જ સર્વ કાંઈ કરી રહ્યાં છે, એમ સિદ્ધ થયું. તેથી હવે કોઈ પણ પૂર્વપક્ષનો કોઈ અવસર રહી જતો નથી.

किञ्च, तेषां स्वरूपापेक्षापि आसक्तिव्यसनस्वभावत एव न तु कृत्रिमा। तादृशी चेत् प्राप्तौ शाम्येत । इयं तु तत्प्राप्तावपि उत्तरोत्तरं वर्द्धत इत्येतस्याः सर्वतो भिन्नैव रीतिर्नान्यमार्गीयपूर्वपक्षादिना कलुषयितुं योग्येति दिक् । किञ्च, प्रार्थनं तु यावन्मनोरथं भवति, प्रकृते मनोरथान्तमानन्दं दत्तवान् इति प्रार्थनानपेक्ष एव सर्वकर्त्तेति किमर्थं प्रार्थनं भवेत् ? यन्न दृश्यते तत्र हेतुः पूर्वमुक्त एवेति सर्वं सुस्थम्। एवं सति श्रीगोकुलस्वरूपलीलाकृतीनामज्ञानात् तत्प्रार्थनावलोकनेन तदितरस्यापि प्रार्थना कर्तव्येतिपक्षो निरस्तः ।[१]

વળી, તે ગોપબાલકોની ભગવત્સ્વરૂપ માટેની અપેક્ષા પણ તેમના આસક્તિ વ્યસનવાળા સ્વભાવને કારણે છે, બનાવટી નથી, જો બનાવટી હોત તો ભગવાનના સ્વરૂપ દર્શન પછી શાંત થઈ ગઈ હોત. તેમની અપેક્ષા તો સ્વરૂપપ્રાપ્તિ થયા પછી પણ ઉત્તરોત્તર વધી રહી છે તેથી એ સિદ્ધ થયું કે પુષ્ટિભક્તિમાર્ગની આ રીત અન્ય બીજી રીતોથી સર્વથા ભિન્ન છે અને અન્યમાર્ગીયોના પૂર્વપક્ષની શંકાને અહીં કોઈ સ્થાન નથી, આ પ્રકારે આ દિશા સ્પષ્ટ થઈ. અને, એ પણ સમજો કે પ્રાર્થના તો મનોરથ પૂર્ણ થતાં સુધી જ સીમિત રહે છે પરંતુ અહીં તો ભગવાને

---

[१] - (द्वाचत्वारिंशत्तमे पृष्ठे) ‘अत्र केचनपूर्वपक्षं कुर्वन्ती’त्यत इयदवधि केनाप्याधुनिकेन विदुषा प्रक्षिप्तम् ।

વ્રજવાસીઓના મનોરથો પૂર્ણ કર્યા પછી પણ આનંદ આપ્યો છે તેથી ભગવાન પ્રાર્થનાની અપેક્ષા રાખ્યા વગર પણ બધું જ કરવાને સમર્થ છે તેથી શા માટે પ્રાર્થના કરવી ? જ્યાં મનોરથ પૂર્ણ થતાં દેખાતા નથી ત્યાં ‘પ્રભુની તેવી ઈચ્છા નથી’, એ કારણ પહેલાં જ કહી દીધું છે, તેથી આ સર્વ કાંઈ સુદઢ સિદ્ધાંત છે. આ પ્રકારે ભગવાનના શ્રીગોકુલનાં સ્વરૂપની લીલાકૃતિનું અજ્ઞાન હોવાને કારણે જેઓ આ પક્ષ રાખે છે કે ‘વ્રજવાસીઓની દેખાદેખી બીજાઓએ પણ પ્રાર્થના કરવી જોઈએ’, તેમનો પક્ષ નિરસ્ત થઈ ગયા.(૧૪)

प्रस्तुतमाहुः । ननु सर्वेषां देवानां धर्माणां च त्यागेन केवलं भगवच्छरणगतावपि को वेद भगवानपेक्षितं दास्यति वा न वेति चेत्तत्राहुर**विश्वास** इति ।

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ।। १५ ।।

अस्मिन् शरणगमनेऽ**विश्वासो न कार्यः**, यः **सर्वथा बाधकः** । बाधकान्तरापेक्षयाऽयमधिकबाधक इति **सर्वथे**त्युक्तम् । यतोऽविश्वासेन धर्मान्तरसम्बन्धे शरणधर्मो गच्छेद्, इदमेवोक्तम् ‘**अन्यसंमेलने वा ब्रह्मास्त्रन्याय उक्त**’ इति तेन विश्वास एव कर्तव्य इतिभावः । अतः परं विश्वासे फलं भवत्यविश्वासे नेत्यत्र दृष्टान्तं निरूपयन्ति **ब्रह्मास्त्रे**ति । अविश्वासे ब्रह्मास्त्रं भाव्यं भावनीयमित्यर्थः। यथा हनुमद्विषये प्रयुक्तमपि तेषामविश्वासेन धर्मान्तरसम्बन्धे ततो निर्गतमासीत्तथात्राप्यविश्वासेन धर्मान्तरसम्बन्धे शरणमन्त्रो यास्यति शरणधर्मो न तिष्ठतीति स न कर्तव्य इतिभावः ।

હવે પ્રસ્તુત વિષયની ચર્ચા કરીએ છીએ. અહીં એ પ્રશ્ન ઉભો થાય છે કે, સમસ્ત દેવતાઓનું ભજન અને સમસ્ત ધર્મોનો ત્યાગ કરીને કેવલ ભગવત્ શરણ જવાથી પણ કોણ જાણે છે કે આપણને જે જોઈએ તે ભગવાન આપણને આપશે કે નહિ ? તો એનો ઉત્તર આચાર્યચરણો **‘અવિશ્વાસઃ’**વગેરે શબ્દોથી આપે છે.

ભગવાનની શરણાગતિ કર્યા પછી અવિશ્વાસ ન કરવો જોઈએ કેમકે તે સર્વથા બાધક છે. અન્ય બીજા બાધકો કરતાં આ વધારે બાધક છે, તેથી તેને **‘સર્વથા બાધક’** કહ્યો છે. કેમકે અવિશ્વાસ કરવાથી અન્ય બીજા ધર્મોથી સંબંધ થઈ જાય છે અને એનાથી શરણધર્મનો ભંગ થાય છે. આજ વાત **‘અન્ય ધર્મોને શરણાગતિની જોડે મેળવવાથી બ્રહ્માસ્રન્યાય તો કહી જ દીધો છે** (ન્યાસાદેશ)’ આ શ્લોક દ્વારા કહી છે તેથી વિશ્વાસ કરવો જોઈએ તેમ અર્થ છે. હવે આના પછી ‘વિશ્વાસ ફલદાયક હોય છે અને અવિશ્વાસ કરવાથી ફળ પ્રાપ્ત નથી થતું’, આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવવા માટે આચાર્યચરણો **બ્રહ્માસ્ર** વગેરે શબ્દોથી કહી રહ્યાં છે. અવિશ્વાસ થાય, ત્યારે પણ બ્રહ્માસ્રવાળા પ્રસંગની ભાવના કરવી જોઈએ તેમ અર્થ છે. જેમ રાવણની અશોકવાટિકામાં હનુમાનજીને બ્રહ્માસ્રથી બાંધવામાં આવ્યા, પણ તે રાક્ષસોને બ્રહ્માસ્ર પર પૂર્ણ વિશ્વાસ ન થયો અને તેમણે એક લોખંડની કડીથી પણ તેમને બાંધી દીધા. ત્યારે હનુમાનજી બ્રહ્માસ્રનો આદર કરીને પહેલાં તો બંધાયા પણ પછી તેમનો જ બ્રહ્માસ્રમાં અવિશ્વાસ જોઈ તેઓ બ્રહ્માસ્ર તોડીને બહાર નિકળી ગયા. તે પ્રકારે અહીં પણ અવિશ્વાસને કારણે બીજા ધર્મોનો સંબંધ થઈ જવાથી શરણમંત્ર વ્યર્થ થઈ જશે અને શરણધર્મ પણ નહિ રહે, તેથી અવિશ્વાસ ન કરવો જોઈએ, એમ ભાવ છે.

विश्वासे **चातको भाव्यः** । स्वातिजलविश्वासेन चेत्स तिष्ठति तदा मेघो वर्षत्येव, स च पिबतीतिभावनया विश्वास एव कर्तव्यो नत्वविश्वासः । शरणगतौ विश्वासे भगवान् सर्वं करिष्यतीतिभावः एवं विश्वासेन शरणस्थितौ भगवदिच्छया प्रयत्नं विना यदेव प्राप्तं भवेदनायासेन स्वल्पमपि तदेव प्राप्य, तत्रापि **निर्ममः** भगवदीयत्वात्तत्रापि ममतारहितः सन् प्रभुसेवां कुर्यान्न तु विशेषार्थं यत्नं कुर्यात्तदेवाहुः **प्राप्तमिति** । **सेवेते**तिपदेन तत्सर्वं भगवदुपयुक्तमेव कुर्यान्न तु स्वार्थमिति सूचितम् ।। १५ ।।

આ પ્રકારે ભગવાન પર પૂર્ણ વિશ્વાસ રાખવામાં **‘ચાતક’** પક્ષી જેવી ભાવના રાખવી જોઈએ. ચાતકપક્ષી જ્યારે સ્વાતિજલ પર વિશ્વાસ બનાવી રાખે છે, ત્યારે મેઘ વર્ષા કરે જ છે અને ત્યારે તે તેજ જલને પીએ છે. આવી ભાવના

રાખતાં વિશ્વાસ રાખવો જોઈએ, અવિશ્વાસ નહિ. શરણાગતિમાં વિશ્વાસ રાખવાથી ભગવાન બધું જ કરશે, એમ ભાવ છે. આ પ્રકારે ભગવાન પર વિશ્વાસ રાખીને શરણાગત રહીને ભગવદિચ્છાથી પ્રયત્ન વગર થોડું ઘણું જે કંઈ પ્રાપ્ત થાય છે, તેમાં સંતોષ માનવો જોઈએ. તે પણ **નિર્મમ** (મમતા ન રાખતાં) કેમકે પોતે ભગવદીય હોવાથી તે પ્રાપ્ત થયેલ વસ્તુમાં મમતા ન રાખી ભગવત્ સેવા જ કરવી જોઈએ, વિશેષ ધનપ્રાપ્તિ માટે કોઈ યત્ન-પ્રયત્ન ન કરવો જોઈએ - એમ **‘પ્રાપ્તં’** વગેરે શબ્દોથી કહ્યું છે. **‘સેવેત’** પદથી એમ કહ્યું છે કે જે કંઈ પણ પ્રાપ્ત થયું હોય, તેનો ભગવાનમાં જ વિનિયોગ કરવો જોઈએ, પોતાના માટે નહિ, એમ સૂચિત કર્યું છે. *(અર્થાત્ ભગવાનમાં વિનિયોગ કર્યા પછી જ પોતાના માટે ઉપયોગ કરે; તેના પહેલાં નહિ, તેમ અર્થ છે)* ॥ ૧૫ ॥

ननु धर्मान्तरसम्बन्धे शरणपदार्थो गच्छतीत्यावश्यकलौकिकवैदिक-कर्मणामपि त्यागे कदाचिदप्रामाण्यशङ्का स्यान्मार्गे, तदभावार्थं तत्करणप्रकार-माहु**र्यथाकथञ्चि**दिति ।

यथाकथञ्चित्कार्याणि कुर्यादुच्चावचान्यपि ।
किं वा प्रोक्तेन बहुना शरणं भावयेद्धरिम् ॥ १६ ॥
एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ।

यथाकथमपि मार्गे लोकानामप्रामाण्यशङ्का न भवेत्तथोच्चावचान्यावश्यकलौकिकवैदिकसम्बन्धीनि कार्याणि मार्गप्रामाण्यार्थं प्रभोराज्ञां ज्ञात्वा तानि कार्याणि, न तु स्वधर्मत्वेनेति । यथा **‘करिष्ये वचनं तवे’**ति पार्थेन भगवदाज्ञा कृता तथेत्यर्थः । एवं सति शरणपदार्थो न गच्छेत् । इति पूर्वोक्ता शङ्का निरस्ता । तदेवोक्तं, पुष्टिप्रवाहमर्यादायां **‘लौकिकत्वं वैदिकत्वं कापट्यात्तेषु नान्यथे’**ति ।

પણ, અહીં એમ શંકા થાય કે, જો બીજા ધર્મો જોડે સંબંધ થઈ જવાથી શરણાગતિ તૂટી જાય છે, તો જે લોકમાં આવશ્યક લૌકિક વૈદિક કર્મ છે *(જેમ કે મુહૂર્ત જોવું, જન્માક્ષર મેળવવા, ગણેશ સ્થાપન, કુલદેવતા સ્થાપન, યજ્ઞ વગેરે લૌકિક-વૈદિક કાર્ય)*, તેમનો પણ ત્યાગ કરી દેવાથી કદાચિત્ પુષ્ટિભક્તિમાર્ગ માટે એમ શંકા ઉત્પન્ન થઈ શકે છે કે, આ સંપ્રદાય અપ્રામાણિક છે. કેમકે તે લૌકિક-વૈદિક શાસ્ત્રોક્ત કર્મોને નથી માનતો. તેથી આવી શંકાના નિવારણ માટે, તે લૌકિક-વૈદિક કાર્યોને કેવી રીતે કરવા ? આ વાત આચાર્યચરણો **‘યથાકથંચિત્’** વગેરે શબ્દોથી બતાવી રહ્યાં છે.

જે કોઈ પણ પ્રકારથી લોકોને માર્ગમાં અપ્રામાણિકતાની શંકા ન થાય તે પ્રકારથી તે નાના-મોટા આવશ્યક લૌકિક-વૈદિક સંબંધિત કાર્યોને પ્રભુ આજ્ઞા માનીને કરવાં જોઈએ, જેનાથી માર્ગની પ્રામાણિકતા બની રહે, પણ તેમને સ્વધર્મ માનીને ન કરવા. જેમ **‘હવે હું આપની આજ્ઞાનું પાલન કરીશ** (ભ.ગી. ૧૮-૭૩)’ આ વાક્ય દ્વારા અર્જુને ભગવદ્-આજ્ઞાનુસાર કાર્ય કર્યું, તેવી રીતે કરવું જોઈએ તેમ અર્થ છે. આમ કરવાથી શરણધર્મ ભંગ થતો નથી, તેથી હવે ઉપરની શંકા દૂર થઈ જાય છે. આજ પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથમાં **‘ભગવદીયો લૌકિક-વૈદિક કાર્યો કપટરૂપથી કરે છે** (૨૦)’ આ વાક્ય દ્વારા કહેલું છે.

अथवा, तदर्थमपि कर्माद्यकरणे न दोषः, शरणपदार्थस्यैव तावद्रूपत्वात्तदाहुः **किं वेति** । **बहुना प्रोक्तेन** किम्, न किञ्चित्सिद्ध्यति, किन्तु सर्वत्र शरणमेव भावनीयं न तु लोकसङ्ग्रहार्थमपि कर्मकरणम् । तदर्थमपि विधिरूपत्वेन कर्मकरणे शरणपदार्थाभाव इति भावः । एतदेवोक्त **‘मन्यसम्मेलने वे’**त्यत्र । एवं सति प्रभोराज्ञां मत्वा कर्मकरणमायातं नान्यथेत्यर्थः । नन्वेवं सर्वात्मना ज्ञानेन कदाचित्पापं सम्भवेत्तत्राहु**र्हरि**मिति । स हरिः सर्वदुःखहर्ता तत्सम्भावनायां स एव पापादिकं दूरीकरिष्यतीतिभावः । एतत्सर्वं **‘सर्वधर्मानि’**त्यस्य निरूपणे न्यासादेशेष्वित्यत्र द्रष्टव्यम् । अतः परमुपसंहरन्ति **एव**मिति । **एवं प्रकारेणाश्रयण**माश्रयस्वरूपं प्रकृष्टेन साङ्गमुक्तम् । तावता किमिति चेत्तत्राहुः **सर्वेषामि**ति । सर्वेषां जीवानामाश्रमाणां वर्णानां सर्वदा क्रियमाणं सत् **हितं** हितकारि, साधनं विनाप्यैहिकपारलौकिकसम्पत्तिसाधकमित्यतः परं किमवशिष्यते ।

અથવા એમ અર્થ કરવો કે, લૌકિક-વૈદિક કાર્યોને પણ ન કરવાથી દોષ નથી થતો કેમકે ભગવાનની શરણાગતિ જ બધું છે, આ વાત **'કિં વા'** વગેરે શબ્દોથી કહેવાઇ રહી છે. આ પંક્તિમાં આચાર્યચરણો એમ આજ્ઞા કરે છે કે, **હવે વધારે કહેવાથી શું સિદ્ધ થશે ?** કાંઇ પણ નહિ, તેથી સર્વત્ર ભગવાનની શરણભાવના કરવી જોઈએ, લોકસંગ્રહ અથવા લૌકિક-વૈદિક કર્મોને પણ કરવાની જરૂર નથી. ભલે એમને વિધિરૂપથી કરવાનું કહ્યું હોય છતાં પણ તેમનામાં શરણધર્મ તો નથી, એમ ભાવ છે. આજ વાત **'અન્ય ધર્મોને શરણાગતિની જોડે મેળવવાથી 'બ્રહ્માસ્ત્ર'વાળું ઉદાહરણ કહેલું જ છે** (ન્યાસાદેશ-૧)' આ વાક્ય દ્વારા કહી છે. તેથી ઉપર કહેલાં વિશ્લેષણોથી એમ જણાય છે કે, આ કર્મોને પ્રભુ આજ્ઞા માનીને કરવાં જોઈએ અન્યથા નહિ, એમ અર્થ છે. પરંતુ અહીં એક પ્રશ્ન એમ થાય છે કે, ભગવાનને બધી રીતે બધું જ માની તો લઈએ પરંતુ કદાચ ભવિષ્યમાં જીવથી કોઇ પાપ થઈ જાય તો શું કરવું ? તો તેનું સમાધાન આચાર્યચરણો **'હરિં'** વગેરે શબ્દોથી કરી રહ્યાં છે. ભગવાન હરિ છે, સમસ્ત પાપોનું હરણ કરવાવાળા છે અને જો એવા પાપ થવાની સંભાવના થઈ પણ તો તેઓ જ આ પાપોને દૂર કરશે, એવો ભાવ છે. આ બધું જ **'સમસ્ત ધર્મોનો ત્યાગ કરી માત્ર મારી શરણમાં આવ** (ભ.ગી.૧૮-૬૬)', આ ભગવદ્ગીતાના શ્લોકના નિરૂપક-ગ્રંથ 'ન્યાસાદેશ' માં જોઇ લેવું જોઈએ. હવે આના પછી **'એવમ્'** વગેરે શબ્દોથી ઉપસંહાર (સમાપ્તિ) કરવામાં આવે છે. આનો અર્થ એ થાય છે કે, ઉપર કહેલ પ્રકારોથી આશ્રયનું સ્વરૂપ વ્યવસ્થિત અને સાંગોપાંગ રીતે કહી દીધું છે. આશ્રયનું આ રીતે સ્વરૂપ-નિરૂપણ કરવાથી શું થશે, તે આચાર્યચરણો **'સર્વેષાં'** વગેરે શબ્દોથી કહી રહ્યાં છે. **'સર્વેષાં'** શબ્દનો અર્થ એ છે કે, સમસ્ત આશ્રમ *(બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસ)* અને સમસ્ત વર્ણો *(બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર)*ના જીવો માટે ભગવદ્ આશ્રય કરવો સર્વદા હિતકારી છે અર્થાત્ સાધનોના વગર પણ ઐહિક પારલૌકિક સમસ્ત સંપત્તિનો સાધક થઈ જાય છે તેથી એના પછી હવે શું શેષ રહી જાય છે ?

ननु सर्वयुगेषु साधनैरेव फलं भवतीत्यधुना तानि विहाय केवलं शरणमेव कथमुच्यते, तत्राहुः **कला**विति ।

कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः ॥ १७ ॥

श्रीमद्वल्लभाचार्यचरणविरचितो विवेकधैर्याश्रयग्रन्थः सम्पूर्णः ।

अन्ययुगेषु धर्मस्यैव प्राधान्याद्विहितभक्त्यादीनां साधनसाध्यत्वात् तैरेव विहितभक्त्युपासनाकर्मादीनां फलं भवति । कलिस्तु पापप्रधान इति साधनानामसम्भवाद्विहितभक्त्यादिमार्गा दुःसाध्याः, प्रत्युत यत् किञ्चित्करणेपि पाषण्डप्रवेशेन पापमपि जायत इति सर्वथा दुःसाध्याः, यतो यत्र साधनसाध्या अपि भक्त्यादिमार्गाः कलौ दुःसाध्यास्तत्र कृतादियुगेष्वपि यो भक्तिमार्गः साधनासाध्यः केवलभगवदनुग्रहैकलभ्यस्तस्य कलौ सुतरामेव साधनासाध्यत्वेन दुःसाध्यत्वमिति सर्वात्मना शरण गतौ भगवान् तादृशे भक्तिमार्गेप्यनुग्रहं करिष्यतीति, सर्वात्मना शरणमेव भावनीयं, नान्यत्कर्तव्यमिति स्वसिद्धान्तज्ञापनायोक्तं **मे मतिरि**रिति । **मे मतिरि**त्येव । तेन स्वमार्गीयाणामिदमेव कर्तव्यं नान्यदितिभावः ।

પરંતુ અહીં એક શંકા થાય છે કે સમસ્ત યુગોમાં તો સાધનો દ્વારા જ ફળ પ્રાપ્ત થયા છે અને અહીં તે સાધનોને છોડી કેવળ શરણાગતિ જ કરવાની કેમ કહેવામાં આવી રહી છે ? તો એનું સમાધાન આચાર્યચરણ **'કલૌ'** વગેરે શબ્દોથી કહે છે.

સમજવું જોઈએ કે, અન્ય યુગોમાં ધર્મની જ પ્રધાનતા હોય છે ધર્મિ સ્વરૂપ શ્રીકૃષ્ણની નહિ, તેથી તે-તે ધર્મોમાં કહેલી ભક્તિ સાધનોથી સાધ્ય થાય છે અને તે જ કારણથી તે સાધનો દ્વારા જ ભક્તિ-ઉપાસના-કર્મ વગેરેનું ફળ પ્રાપ્ત થઈ જાય છે. પરંતુ કલિયુગ તો પાપપ્રધાન છે, અહીં ઉપર કહેલા સાધનો સંભવ નથી હોતા માટે કહેલા ભક્તિ વગેરે માર્ગો અત્યંત કઠિન હોય છે. અથવા તો એમ કહો કે, કંઈ સાધન કરીએ તો પણ પાખંડ વગેરેથી પાપ પણ ઉત્પન્ન થઈ જાય છે તેથી તે સાધનો સર્વથા દુઃસાધ્ય *(જેમને સાધવા અત્યંત કઠિન હોય તેવાં)* જ હોય છે. આ કારણોથી જ્યાં સાધનોથી સાધ્ય ભક્તિ વગેરે માર્ગ પણ કલિકાલમાં દુઃસાધ્ય છે ત્યાં સત્યયુગ વગેરેમાં જે ભક્તિમાર્ગ છે તે પણ સાધનોથી અસાધ્ય જ છે અર્થાત્ કેવળ ભગવદ્ અનુગ્રહથી જ પ્રાપ્ત થઈ શકે છે તેથી કલિકાલમાં તો તેના

કરતાં હજુ પણ વધારે સાધનોથી અસાધ્ય હોવાને કારણે દુઃસાધ્ય છે. તેથી બધી રીતે ભગવાનની શરણાગતિ કરવાથી ભગવાન આવા દુઃસાધ્ય ભક્તિમાર્ગમાં પણ અનુગ્રહ કરશે, આ જ કારણથી બધા પ્રકારથી શરણભાવના જ કરવી જોઈએ, અન્ય બીજું કાંઈ નહિ - આ પોતાનો સિદ્ધાંત બતાવવા માટે આચાર્યચરણોએ **‘મે મતિઃ’** કહ્યું છે. તેઓ કહે છે કે, આ જ મારી મતિ છે તેથી સ્વમાર્ગીયોએ આજ કરવું જોઈએ - બીજું કંઈ નહિ, એમ ભાવ છે.

श्रीमदाचार्यचरणशरणस्मरणेन मे ।
हृद्यायाता प्रणालीयं ग्रन्थस्याध्वानुसारिणी ॥ १ ॥
भक्तिमार्गे स्वकीयस्य दार्ढ्यार्थं सर्वथा इमे ।
अपेक्षिता विवेकाद्यास्त्वेतदर्थं तदाश्रयः ॥ २ ॥
श्रीमदाचार्यचरणैरिति ते वर्णिताः स्फुटम् ।
अतस्त एव चरणास्तदर्थं शरणं मम ॥ ३ ॥

॥ इति श्रीघनश्यामात्मजश्रीगोपीशचरणविरचिता
विवेकधैर्याश्रयविवृतिः ।

શ્રીમદાચાર્યચરણોના શરણ સ્મરણથી,
ગ્રંથમાં કહેલ માર્ગાનુસાર મારા હૃદયમાં આ પ્રણાલી સમજમાં આવી કે, ॥ ૧ ॥

સ્વકીયોને ભક્તિમાર્ગમાં દૃઢતા માટે ભગવદાશ્રય સર્વથા આવશ્યક છે,
અને આ જ આશ્રય માટે આ વિવેક વગેરે પણ સર્વથા જરૂરી છે ॥ ૨ ॥

આ કારણથી આચાર્યચરણોએ તેમને સ્પષ્ટતયા કહ્યાં છે,
તેથી વિવેક-આદિની સિદ્ધિ માટે તેમના જ ચરણકમલો મારું શરણ થાઓ ॥ ૩ ॥

આ પ્રમાણે શ્રીઘનશ્યામાત્મજ શ્રીગોપીશચરણવિરચિતા
વિવેકધૈર્યાશ્રયવિવૃતિ સમ્પૂર્ણા ।